Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

{ श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः }

श्री

# आत्मानन्द प्रकाश.

{ सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः }

सम्यक्त्वं सत् प्रदत्ते प्रकटयति गुरौ वीतरागे च भक्तिं
माधुर्यं नीतिवल्ल्या मधुरफलगतं दाति संसारमार्गे ।
भव्यानारोहयत्यात्महितकरगुणस्थानपाद्यं प्रकृष्टां
आत्मानन्दप्रकाशः सुरतरुरिव संसर्वकामान् प्रसूते ॥१॥

पुस्तक १३. } वीर संवत २४४१ श्रावण. आत्म सं. २०. { अंक १ लो

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा. भावनगर.

વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. | નંબર. | વિષય. | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | વર્ષારંભે માંગલ્ય સ્તુતિ... ... | ૧ | ૯ | આત્મ જાગૃતિ... ... ... | ૧૮ |
| ૨–૩ | વીરસ્તુતિ, ગુરૂ સ્તુતિ... ... | ૨ | ૧૦ | શ્રી વિજયાનંદસૂરિ વિરહાષ્ટક... | ૨૦ |
| ૪ | આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને આશિર્વચન... ... ... | ૩ | ૧૧ | મુનિમહારાજાઓને ખાસ નમ્ર વિનંતિ... ... ... ... | ૨૧ |
| ૫ | આ[illegible] વર્ષના ઉદ્‌ગારો... ... | ૩ | ૧૨ | જૈન કોમની પડતી માટે જવાબદાર કોણ? ... ... ... | ૨૩ |
| ૬ | શ્ર[illegible] ... | ૫ | | | |
| ૭ | શ્રીશ[illegible]ના... | ૧૭ | ૧૩ | શ્રીમદ્ વિજયાનંદસુરિ મહારાજના પરિવાર મંડળના મુનિરાજોનાં ચાતુર્માસનો નિર્ણય... | ૨૪ |
| ૮ | જીવદયા[illegible]ની થતો ઉહાપોહ... ... ... ... | ૧૭ | | | |


વાર્ષિક—મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મુનિ મહારાજોને નમ્ર વિનંતિ.

પાટણવાળા શેઠ વરજીવનદાસ ચુનીલાલ સાકલચંદના માતુશ્રી પરસનબાઈની તરફથી ઉંચા ઇંગ્લીશલેજર પેપર ઉપર સુંદર ટાઇપથી નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ કલ્પસૂત્ર–સુબોધિકા ટીકા ગ્રંથ તેના ખપી મુનિ મહારાજાઓને તેઓના સમુદાયના વડિલ વિદ્યમાન (હૈયાત)મુખ્ય મુનિ મહારાજની મારફત નીચેના સરનામે મંગાવવાથી સદરહુ ગ્રંથ અત્રે આવેથી ઉક્ત શેઠની વતી ભેટ મોકલવામાં આવશે.

સદરહુ ગ્રંથ ભેટ મોકલવા માટે પોસ્ટેજ પૂરતા પૈસાનું ગ્રંથ ગેરવલ્લે ન જાય તેને માટે વી૦ પી૦ કરવામાં આવે છે; જેથી ભેટ મંગાવનાર મહાત્માએ સાથે કોઇપણ શ્રાવકનું નામ લખી મોકલવા કૃપા કરવી.

ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.
સેક્રેટરી.
**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## દશાશ્રીમાળી વણિક (ત્રિમાસિક)

દરેક દશાશ્રીમાળી વણિક બંધુને જાણવા જેવી બાબતોથી ભરપૂર (રોયલ છ થી આઠ ફારમ) ૪૦ થી ૬૪ પાનાનું સચિત્ર દશાશ્રીમાળી વણિક ત્રિમાસિકના પોતાની જ્ઞાતિનું શ્રેય ઇચ્છનાર દરેક દશાશ્રીમાળીને ગ્રાહક થવાની ખાસ આવશ્યક્તા છે. વિજ્ઞાપન પત્ર માટે લખો—

**મોહનલાલ નાગજી ચીનાઇ.**
ડીસ્ટ્રીકટપ્લીડર
ધોરાજી

## નીચેના ગ્રંથો અમોને ભેટ માટે મળ્યા છે. જે આભાર સહીત સ્વીકારીએ છીએ.

નવતત્ત્વ પ્રકરણ.
પંચ પ્રતિક્રમણ શાસ્ત્રી. } શ્રાવક ભીમશી માણેક મુંબઇ.

આયુર્વેદ રહસ્યાર્ક માસીક. — વૈદ્ય જીવરામ કાળીદાસ—ગોંડળ
દેવચંદ્રજી કૃત ચોવીશીવીશી. — બુદ્ધિપ્રભા ઓફીસ—અમદાવાદ
નવ પદ મહાત્મ્ય અને વીશ સ્થાનકનો રાસ—જૈન યુવક મંડળ—સાણંદ

હીર પ્રશ્નોતરાવલી.
સદ્બોધ પ્રાચીન સ્તવનાવળી.
સ્નાત્ર પૂજા. } શ્રી રાધનપુર જૈન યુવકોદય મંડળ—રાધનપુર

ચેતન કર્મચરિત્ર. — મુળચંદ કરશનદાસ કાપડીઆ સુરત
ગોપાળકૃષ્ણ ગોખલેનું જીવન ચરિત્ર — જીવણલાલ અમરશી મેતા—અમદાવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ.

( પુસ્તક ૧૩ મું. )

પુસ્તક ૧૩ મું. વીર સંવત ૨૪૪૧–૨૪૪૨. આત્મ સંવત ૨૦–૨૧. અંક ૧૨.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

सम्यक्त्वं सत् प्रदत्ते प्रकटयति गुरौ वीतरागे च भक्तिं ।
माधुर्यं नीतिवल्ल्या मधुरफलगतं राति संसारमार्गे ।
भव्यानारोहयत्यात्महितकर गुणस्थानपार्टीं प्रकृष्टां
आत्मानन्दप्रकाशः सुरतरुरिव यत्सर्वकामान् प्रसूते ॥१॥

પ્રગટ કર્ત્તા,

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર

વીર સંવત ૨૪૪૧–૪૨ આત્મ સંવત ૨૦–૨૧ વિક્રમ સંવત ૧૯૭૧–૭૨

વાર્ષિક મૂલ્ય રૂ. ૧–૦–૦ પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક અનુક્રમણિકા.


| નંબર | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | વર્ષારંભે માંગલ્ય સ્તુતિ. (પદ્ય).... .... .... | ....૧ |
| ૨ | વીરસ્તુતિ. (પ્રભુસ્તુતિ) (પદ્ય) .... | ૨–૨૫–૪૯–૧૭૭–૨૦૧–૨૯૭–૩૦૮ |
| ૩ | ગુરૂસ્તુતિ (પદ્ય).... .... .... .... .... | ૨–૨૫૭–૨૯૮ |
| ૪ | શ્રી આત્માનંદ પ્રકાશ માસિકના ગ્રાહકોને આશીર્વચન .... | ....૩ |
| ૫ | અભિનવ વર્ષોના ઉદ્દગારો ... ... .... .... | ....૩ |
| ૬ | શ્રદ્ધા .... .... .... .... .... .... | ....૯ |
| ૭ | શ્રી શાંતિ પરમાત્માને શાંતિ પ્રેરવા અભ્યર્થના ( પદ્ય ) .... | ....૧૭ |
| ૮ | જીવદયા અથવા અનુકંપાના ખર્ચ સંબંધી થતો ઉહાપોહ અને તેનું પરિણામ..... .... .... .... | ....૧૭ |
| ૯ | આ જીવનયાત્રા સફળ કરી લેવા હરેક પ્રસંગે સુજ્ઞ જનોએ રાખવી જોઇતી ચીવટ અને પ્રમાદાચરણથી દૂર રહેવાની અનિવાર્ય અગત્ય ( આત્મ જાગૃતિ ) .... .... | ....૧૮ |
| ૧૦ | શ્રીમદ્ વિજયાનંદસૂરિ વિરહાષ્ટક (કાવ્યમ્) ... .... | ....૨૦ |
| ૧૧ | મુનિ મહારાજાઓને નમ્ર વિજ્ઞપ્તિ .... .... ... | ....૨૧ |
| ૧૨ | જૈન કોમની પડતી માટે જવાબદાર કોણ ? તેની ચઢતી કેમ થઇ શકે ? | ....૨૩ |
| ૧૩ | શ્રીમદ્ વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજના) પરિવાર મંડલના મુનિરાજોના ચાર્તુમાસનો નિર્ણય અને ઉકત મહાત્માઓને વિનંતિ. | ....૨૪ |
| ૧૪ | વાર્ષિક ક્ષમા યાચના ( પદ્ય ) .... .... .... .... | ....૨૫ |
| ૧૫ | શ્રાવક ધર્મોચિત શ્રી આચારોપદેશ | ....૨૬–૫૦–૭૭–૧૬૬–૧૭૯–૨૦૬ |
| ૧૬ | શ્રી પાર્શ્વનાથ પ્રભુ સ્તવના ( પદ્ય ) .... .... .... | ....૩૧ |
| ૧૭ | જૈનોન્નતિ.... .... .... .... .... .... | ...૩૨ |
| ૧૮ | દોરંગી દુનિયા. ( પદ્ય ) ... .... .... .... | ....૩૭ |
| ૧૯ | મુંબઇમાં જૈનોનું મરણ પ્રમાણ... ... .... .... | ....૩૮ |
| ૨૦ | ઉન્નતિ થવા લાયક બનો ! .... .... .... .... | ... ૩૯ |
| ૨૧ | સૂક્ત રત્નાવલી–મૂળ તથા અનુવાદ | ....૪૨–૬૪–૮૮–૧૧૨–૧૮૧–૨૨૦ |
| ૨૨ | સૂક્ત વચનો વાંચી કે સાંભળી આદરવા યોગ્ય વિવેક. .... | ....૪૪ |
| ૨૩ | જીવદયા. .... ... .... .... .... .... | ....૪૫ |
| ૨૪ | આગમોદય સમિતી પાટણ. .... .... .... .... | ૪૮–૭૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૫ ગ્રંથાવલોકન. ....૪૮–૭૪–૯૮–૧૨૨–૧૪૬–૧૭૬–૨૨૪–૨૫૪–૩૨૩

૨૬ શ્રી આદિનાથ સ્તુતિ ( પદ્ય ) .... .... ... .... ....૫૫

૨૭ સમ્યગ્ શ્રદ્ધા. .... .... .... .... .... ....૫૬

૨૮ સાંવત્સરિક ક્ષમાપનાના પત્રોનો પ્રત્યુત્તર.... .... .... ....૬૧

૨૯ હિત શિખામણ. .... .... .... .... .... ....૬૨

૩૦ જૈન યતિઓની સાહિત્ય સેવા..... .... .... .... ૬૬–૧૭૧

૩૧ પ્રાચીન અને અર્વાચીન જૈન. .... .... .... .... ....૬૮

૩૨ વર્ત્તમાન સમાચાર...૭૪–૯૦–૧૧૮–૧૪૫–૧૭૫–૧૯૯–૨૨૩–૨૫૪–૨૯૬

૩૩ નવાવર્ષારંભે માંગલિક્ય સ્તુતિ.(પદ્ય) .... .... .... ....૭૫

૩૪ શ્રીમાન્ વીરપ્રભુનું મોક્ષગમન તત્ સમયે શ્રી ગૌતમસ્વામીની સરાગ–
નિરાગ ભાવના. (પદ) .... .... ... .... ....૭૬

૩૫ હિંમત નહિ હારજે બંધુ. (પદ્ય) .... .... .... ....૮૨

૩૬ જૈન સાહિત્યની શોધ.... .... .... .... .... ....૮૩

૩૭ જૈન સંક્ષિપ્ત ઇતિહાસ. .... ... .... ... ....૮૬

૩૮ જૈન ઐતિહાસિક સાહિત્ય. ..........૯૧–૧૦૧–૧૨૪–૧૪૮–૨૨૬–૨૫૯

૩૯ મનુષ્યને શાથી હાર ખાવી પડે છે ? .... ... ....૯૮–૧૯૮–૨૦૮

૪૦ શ્રી શાંતિનાથ પ્રભુને અભ્યર્થના. (પદ્ય) .... .... .... ....૯૯

૪૧ શ્રુતજ્ઞાન સ્તુતિ. (પદ્ય) .... .... .... .... ....૯૯

૪૨ દેહ ઉપર મમત્વ રાખનારાઓ સ્વજન્મને સફળ માનતા કેવા ભુલે છે ? (પદ્ય)૧૦૦

૪૩ જૈન ધર્મ માટે એક ગુર્જર સાક્ષરના ઉદ્‌ગારો. .... .... ....૧૦૨

૪૪ જૈન ઐતિહાસિક સાહિત્ય માટે જાહેર પત્રોની ઉત્કટ લાગણી.... ....૧૦૪

૪૫ જૈનસમાજનું મહત્વ.... ... .... .... .... ....૧૦૮

૪૬ ઉઘાડી છે અમે બારી. (પદ્ય) .... .... .... .... ....૧૧૫

૪૭ તરંગ. .... .... .... .... .... .... ....૧૧૬

૪૮ શ્રી સમેતશિખરજીની યાત્રા જનારા યાત્રાળુઓને માટે એક સગવડ ....૧૧૭

૪૯ જૈન વસ્તીના ઘટાડા સંબંધી રીપોર્ટ. .... .... .... ....૧૧૮

૫૦ સૌજન્યતા ... .... .... .... .... ......૧૧૯–૧૪૨

૫૧ માંગલિક (પદ્ય) .... .... .... .... ......૧૨૩–૨૦૧

૫૨ સમ્યગ્ દર્શન સ્તુતિ. (પદ્ય) .... .... .... .... ....૧૨૩

૫૩ સૂક્ત મુક્તાવળી અનુવાદ. .... .... ૧૩૪–૧૬૯–૧૮૧–૨૨૦–૩૧૯

૫૪ જ્ઞાનારાધન. .... .... .... .... .... ....૧૩૮

૫૫ સમતાથી ઇચ્છિત પ્રાપ્તિ. (પદ્ય).... .... .... .... ....૧૪૪


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૬ શ્રી કેળવણી ફંડ અને શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર. .... ૧૪૪–૧૯૭
૫૭ ઉત્તમ માર્ગે સંચરવા પ્રભુ પ્રાર્થના. (પદ્ય) .... .... ....૧૪૭
૫૮ ગુરૂતત્ત્વની સાધનામાં પ્રવૃત્તિમય ઉદ્દગાર. (પદ્ય) .... .... ...૧૪૭
૫૯ પ્રભુના સામર્થ્યનું અદ્દભૂત બળદર્શક પદ્ય .... .... ....૧૪૮
૬૦ સદગુરૂની સેવાનું આત્મમાન (પદ્ય) .... ... .... ....૧૪૮
૬૧ વિષયવશ પ્રાણીની ચેષ્ટા. (પદ્ય).... .... .... .... ....૧૬૮
૬૨ દુઃખની દાદ અને પૈસાને માન. કન્યા વિક્રય .... .... ૧૭૩–૧૭૪
૬૩ સમ્યક ચારિત્ર પદ્ય. .... .... .... .... .... ....૧૭૭
૬૪ શ્રી અવંતી પાર્શ્વનાથકી ઉત્પત્તિ. (પદ્ય) .... .... ....૧૭૮
૬૫ આત્માના માનસિક કરણો. .... .... .... .... ....૧૮૫
૬૬ જીવન અને મૃત્યુ. .... .... .... .... .... ૧૯૪–૨૦૩
૬૭ હૃદય નિમંત્રણા. (પદ્ય) .... .... .... .... ....૨૦૨
૬૮ કર્મ મિમાંસા. .... .... .... .... .... ૨૦૯–૨૯૯
૬૯ દશમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ મુંબઇમાં ... .... ૨૧૯–૨૨૮
૭૦ વૈરાગ્ય પદ. (પદ્ય) .... .... .... .... .... ...૨૨૫
૭૧ દશમી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું કાર્યક્રમ. .... ૨૩૪–૨૩૯
૭૨ ધાર્મિક શિક્ષણ. .... .... .... .... ....૨૫૦
૭૩ શ્રીમદ્દ વિનીતવિજયજી વિરચિત વીરજિનસ્તવ: .... ....૨૫૮
૭૪ જુનાગઢમાં શ્રીમદ્દ આત્મારામજી મહારાજની ઉજવાયેલ જયંતી તે પ્રસંગે ત્યાંની બોર્ડીંગને મળેલી એક બાદશાહી રકમની ભેટ. ....૨૬૧
૭૫ આ સભાનો એકવીશમો વાર્ષિક મહોત્સવ અને જયંતી. .... ....૨૮૦
૭૬ વડોદરા ઇ૦ જુદા જુદા શહેરમાં શ્રીમદ્દ આત્મારામજી મહારાજની ઉજવાયેલ જયંતિ. .... .... .... ... ....૨૮૧
૭૭ શ્રીમદ્દ વિજયાનંદસૂરિ અને તેમના ચરિત્ર ઉપરથી ઉદ્દભવતો બોધ. ....૨૯૨
૭૮ એક પ્રાચીન જૈન તિર્થ .... .... .... .... ....૨૯૬
૭૯ આદર્શ જીવન. .... .... .... .... .... ...૩૦૯
૮૦ કષાય .... .... .... .... .... .... ....૩૧૬
૮૧ શ્રીમદ્દ દેવચંદજી મહારાજ અને તેમની કૃતિ .... .... ....૩૨૩
૮૨ શ્રીમદ્દ વિજયાનંદસૂરિશ્વરજીના પરિવારના મુનિઓના ચાર્તુમાસ ....૩૨૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपातपीडितेन तदपनयनाय हेयोपादेय—पदार्थ परिज्ञाने यत्नो विधेयः॥

पुस्तक १३ ] वीर संवत् २४४१, श्रावण. आत्म संवत् २०. [ अंक १ लो.

## वर्षारंभे माङ्गल्य स्तुति.

### शार्दूलविक्रीडित.

यन्नामस्मरणेन कर्मततयो नश्यन्ति भव्यात्मनां
यद्ध्यानाद्विषमं कषायपटलं चान्तर्गतं कम्पते ।
भावोल्लासबलं विशुद्धहृदये यद्दर्शनाद्वर्द्धते
स श्रीवीरजिनेश्वरोऽस्तु जयदो नित्यं नवीनेऽब्दके ॥ १ ॥

### ભાવાર્થ.

જેમના નામ સ્મરણથી ભવ્ય પ્રાણીઓના કર્મની શ્રેણીઓ નાશ પામે છે, જેમનું ધ્યાન ધરવાથી અંતરમાં રહેલ વિષમ એવા કષાયોનો સમૂહ કંપી ચાલે છે અને જેમના દર્શનથી શુદ્ધ હૃદયમાં ભાવોલ્લાસ વૃદ્ધિ પામે છે, તે શ્રી **વીર** જિનેંદ્ર આ નવીન વર્ષમાં હંમેશાં જય આપનારા થાઓ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## वीरस्तुति–गजल ।

अर्हन् श्री वीरस्वामिन् ! चरणौ तव विभो ! नमामि ॥
विश्वेश ! विश्वरक्षक ! मोक्षस्य मार्गैकदर्शक !
त्वां देव ! अर्चयामि—चर० १ ॥
त्वं देव सुख कर्ता, त्वमेव दुःख हर्ता;
शरणं तवाहं यामि—चर० २ ॥
त्वं नाथ ! दुरितहारी, त्वं चैव सुकृतकारी;
त्वामीश ! सदा स्मरामि—चर० ३ ॥
प्रभो ! त्वं पूर्ण कृपालुः, अहमस्मि त्वयि श्रद्धालुः;
त्वत्कृपां याचयामि—चर० ४ ॥
विमलात्म विशुद्ध ! स्वच्छ, शिवशर्म मां त्वं यच्छ;
नान्यज्जिन ! मार्गयामि—चर० ५ ॥

मुनि श्री जिनविजयजी. ।

## गुरुस्तुति.

यद्वाग्नौः श्रुतधर्मबोधफलकैर्बद्धा दृढं सुस्थितैः
सच्छिष्यौघ सुकर्णधारसुयुता सद्ग्रन्थरङ्गांकिता ।
यामारुह्य तरन्ति संभविजनाः संसार वारांनिधिं,
तस्मै स्वर्गतये नमोऽस्तु विजयानन्दाय सत्सूरये ॥ २ ॥

### ભાવાર્થ.

જેમની વાણીરૂપ નૌકા કે જે જૈન આગમના ધર્મના બોધરૂપ ઉત્તમ પાટીયાવડે મજબુત બાંધવામાં આવી છે, ઉત્તમ પ્રકારના રચેલા ગ્રંથરૂપી રંગથી સુશોભિત કરવામાં આવી છે અને વિદ્વાન્ શિષ્યોના સમૂહરૂપી સુકાનીઓથી યુક્ત થયેલી છે. કે જેની ઉપર બેસીને ભવી લોકો આજે પણ આ સંસારરૂપ સમુદ્રને તરી જાય છે, તે સ્વર્ગવાસી શ્રી વિજયાનંદસૂરિવરને નમસ્કાર છે. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી આત્માનંદ માસિકના ગ્રાહકોને આશિર્વચન.

**માલિની.**

ધરી મુદ ઉર **આત્માનંદને** જે ઉપાસે,
પ્રતિસમયજ **આત્માનંદ** વાંચે હુલાસે;
સુખકર નવ વર્ષે ભોગવો શ્રી વિલાસો,
અધિક અધિક **આત્માનંદ** તેને પ્રકાશો.

# અભિનવ વર્ષના ઉદ્ગારો.

**જે** સમયે પૂર્વ અને પશ્ચિમની ભાવનાઓનો સંક્રાતિકાળવાળો યુગ પસાર થાય છે, યૂરોપીય મહાવિગ્રહે ભારતવર્ષીય આધ્યાત્મિક ઘટનાની સત્યતાને કસોટીએ મૂકવા માંડી છે, દેશના સર્વ ભાગોમાં જ્યાં શાંતિ ઇચ્છવામાં આવે છે તેવા પ્રસંગે મહાન બ્રિટીશરાજ્યનો વિજય અને મહાવિગ્રહની શાંતિને ઇચ્છતું, જડવાદના તિમિરને નાશ કરતું, વિવિધ પ્રકારે આત્મભાવોને પ્રાણીઓના હૃદયમાં જગાવતું, પૂર્ણપણે આત્મભાવને પામેલા શ્રી અર્હત્ પ્રણીત તત્વોનો યથાસ્થિત નિર્દેશ કરતું અને પ્રાણીમાત્ર પ્રતિ સમભાવો ઉત્પન્ન કરવા પ્રેરણા કરતું—આત્માનંદ પ્રકાશ પોતાના જીવનનું બારમું વર્ષ પૂરૂં કરી તેરમા વર્ષમાં આજે પ્રવેશ કરે છે. દશ વર્ષ સુધી આત્માનંદ પ્રકાશે વાંચકોની સેવા બજાવી અગીઆરમાં વર્ષથી પોતાનું કદ વધારી પૂર્વના કરતાં સવિશેષ પ્રમાણમાં વાંચકો આગળ ભિન્ન ભિન્ન સામગ્રીઓ રજુ કરી છે. એ નવા વેશમાં પ્રવેશ કર્યા પછી બે વર્ષમાં આ પત્રે સફળતાથી કાર્ય કર્યું છે કે કેમ ત્હેનો નિર્ણય કરવાનું કામ અમારા સુજ્ઞ વાંચકોને સોંપીએ છીએ. અમે તો માત્ર નિર્ણય કરવામાં કામ લાગે એવી કેટલીક સામગ્રી અત્ર રજુ કરવાની રજા લઇએ છીએ.

એક સંસ્કૃત કવિ કહે છે કે **परिवर्तिनि संसारे मृतः कोवा न जायते ! स जातो येन जातेन याति वंशः समुन्नतिम्** એટલે કે આ અનિત્ય સંસારમાં કોણ જન્મતું અને મરતું નથી ? પણ ખરો–સાર્થક જન્મ તો તેને કહેવાય કે જેના કાર્ય વડે પોતાના વંશની–સમાજની ઉન્નતિ થાય; આવા હેતુને લઇને પ્રસ્તુત પત્રનો જન્મ થયેલો છે. એ જન્મ પછી બાળક ઉમ્મરમાં વધતાં જેમ તેનામાં આસપાસના સંયોગો અનુસાર સદ્ગુણો ખીલે છે, તેમ તેના ઉચ્ચ હેતુની ભાવનાઓને સતત પોષણ આપવામાં આવેલું છે, '**ઉન્નતિ એ અમારૂં સાધ્ય છે અને આત્મનિષ્ઠ પ્રવૃત્તિ અમારો માર્ગ છે.**' એ સૂત્રને અવલંબીને અમે અત્યાર સુધીમાં યથાશકિત પ્રયત્ન કરેલો છે. સંક્ષિપ્તમાં **આત્માનંદ** પ્રકાશને બને તેટલું સર્વ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રાહી અને ક્રમશઃ ઉચ્ચ ભાવનામય કરવા અમે નિરંતર પ્રયાસ કરીએ છીએ.

ગંગા-યમુનાના અને સરોવરોના પ્રવાહો ગમે તેટલા બળવાન્ કે ઉપયોગી હોય પણ જો માનવ બુદ્ધિ તેને યોગ્ય માર્ગમાં ન વાળે અર્થાત્ તે પ્રવાહોનો ઉપયોગ નહેર કે વિદ્યુતબળ ઉદ્ભવવા આદિમાં ન લે તો એ પ્રવાહના સામર્થ્યની સાર્થકતા શું રહે ? સામાન્ય બુદ્ધિ તેનો જે ઉપયોગ કરતી આવે છે, તેમાં અધિકતા શું ઉમેરાય ? આનો ઉત્તર જેમ નકારમાં આપી શકાય છે તેમ આ પત્રના સંબંધમાં પણ કહી શકાય કે અર્હત્પ્રણીત શાસ્ત્રોના અંશરૂપે આ પત્રનો લેખન પ્રવાહ ગમે તેટલો સામર્થ્યવાન્, ઉચ્ચ પ્રકારનો કે ઉપયોગી હોય પણ જો તે યોગ્ય માર્ગમાં ન વળતો હોય તો તેની સાર્થકતા શું ? બીજા શબ્દોમાં કહીએ તો પત્રની અંદર આવતા આધ્યાત્મિક, વ્યાવહારિક કે ધાર્મિક લેખો ગમે તેટલા સુંદર કે આકર્ષક હોય પણ જો તે વાંચનાર વર્ગ વાંચી વિચાર કરી પોતાના જીવનમાં દાખલ ન કરી શકે તો તેનું ફળ શું ?

વસ્તુસ્થિતિ આમ હોઇ એકજ પ્રકારનું વાંચન ક્ષયોપશમાનુસાર વિવિધપણે પરિણમન થાય છે. જેટલે અંશે જીવનમાં પ્રેરક તત્ત્વો ઉતરે તેટલે અંશે જીવન જીવન્ત કહેવાય છે. પ્રત્યેક લેખ કાંઇને કાંઇ જીવનની જુદી જુદી લાગણીઓને પોષણ આપતો હોય છે. વાંચકોનું તૈયાર થએલું હૃદય એ લાગણીઓને ઝીલી શકે છે. આથી જેમ બને તેમ આ પત્રનું હૃદયકમળ વિકસિત થાય અને તેની સુગંધ ચારે દિશાએ ઝીલી શકાય એ સાધ્ય હેતુ ગણીને એ કમળની પાંખડીઓને વધારે ને વધારે વિકસાવવા અમોએ લક્ષ્ય રાખેલું છે.

આત્મધર્મ એ સર્વ દેશમાં સર્વ કાળમાં સર્વના હિતનું આધારસ્થાન છે, એમ આર્યશાસ્ત્રોએ એકે અવાજે કબૂલ કરેલું છે. જ્યાંસુધી જડવાદનું સામ્રાજ્ય પ્રવર્તે છે, ત્હાંસુધી મિથ્યાત્વ છે એમ જૈનદર્શન ખુલ્લી રીતે કહે છે. આમ હોઇ આત્માને ઓળખવો એ કાંઇ સ્હેલી સુતર વાત નથી, અને તે નથી એટલા માટેજ કે તીવ્ર ભોગોની લાલસામાં, વિષય કષાયના દબાણમાં અને સંજોગોને આધીન થવામાં આત્મા પોતે પોતાને ભુલી ગયો છે; પરંતુ એવી પરિસ્થિતિમાંથી એને જાગૃતિ આપી તેની સ્વરૂપ પ્રાપ્તિ માટે યથોચિત કર્ત્તવ્યનું ભાન કરાવવું એ આ પત્રનું પ્રાથમિક કર્ત્તવ્ય છે; તે સાથે જગત્ જે જે ભોગ સુખરૂપ આનંદ માને છે તે વાસ્તવિક આનંદ નથી, પણ શુદ્ધ આત્મ તત્ત્વના સાક્ષાત્કાર રૂપ જે ખરેખરો આનંદ સર્વજ્ઞ શાસ્ત્રોએ પ્રબોધેલો છે-તે આનંદને પ્રકાશિત કરવારૂપ પોતાના નામની સાર્થકતા કરવા માટે આત્માનંદ પ્રકાશ પ્રયાસ કરે છે અને તે ગત વર્ષમાં વિવિધ પ્રકારે તેના જન્મદાતાઓ તરફથી યથોચિત કરવામાં આવ્યો છે.

એક ખદ્યોતનો પ્રકાશ એ પણ પ્રકાશ છે અને તે અલ્પ સમયનો છે, તે ક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રતાં એક દીપક અમુક મર્યાદાવાળા ક્ષેત્રમાં પ્રકાશ કરે છે, પરંતુ કોહિનૂરનો પ્રકાશ તેથી અનેકગણો સ્વતંત્ર અને ચડીઆતો છે; સૂર્યનો પ્રકાશ આખા જગતને પ્રકાશ આપે છે, પણ તે સર્વને જણાવનાર અને સર્વને પ્રકાશિત કરનાર સર્વજ્ઞ વચનોનો પ્રકાશ છે; એ પ્રકાશ (light) આત્મામાં પડતાં આત્માનું પ્રતિબિંબ એ સર્વ વસ્તુઓ બને છે, અને સ્વયંપ્રકાશી આત્મા એ સર્વને યથોચિતપણે જાણે છે. આથી આત્મપ્રકાશ મેળવવાને માટે સર્વજ્ઞ શાસનના અંગો પુષ્ટ થવા જોઇએ. એ અંગોમાં સાધુ અને સાધ્વી એ મુખ્ય અંગો છે, જ્યારે શ્રાવક અને શ્રાવિકા એ ગૌણ અંગો છે. પ્રથમના બે પાછળના બેના નેતાઓ હોય છે; કેમકે સર્વજ્ઞ શાસનના ખજાનાની કુંચીઓ તેમની પાસે હોવા યોગ્ય છે. આમ છતાં કેટલાક સંયોગોમાં કેટલેક સ્થળે સાધુ અને શ્રાવકોમાં વિલક્ષણ પ્રકારે કુસંપ અને કલહ દૃષ્ટિગોચર થાય છે તેને તટસ્થદૃષ્ટિએ વિચારતાં દિલગીર થવા જેવું છે; મુનિમહારાજાઓ ! આપ સાહેબોએ સંસારની ઉપાધિઓ તજી અમારા ઉપકાર અર્થે ઉત્તમોત્તમ ચારિત્ર રત્ન અંગીકાર કરેલું છે; તો જો કલહજીવન અને ઇર્ષ્યા અસૂયા માનાપમાન વિગેરેને સ્થાન આપી સર્વજ્ઞ આજ્ઞાનો મૂળ હેતુ–નિઃસ્વાર્થપણે પ્રાણીઓનો ઉદ્ધાર–ભુલી જવામાં આવશે તો અમારા જેવા ગૃહસ્થોનો ઉદ્ધાર કયે સ્થાનેથી શોધવો ? એ પ્રશ્ન અમને શુંચવાડામાં નાંખે છે તો વિનંતિ પૂર્વક અરજ કરવાની જરૂર જણાય છે કે જે પ્રકાશ આપવાનું બળ તમારા પાસે સંગ્રહેલું છે તે અન્ય કાર્યોને હવે તિલાંજલિ આપી અમારામાં સંક્રમાવો, અને તેમાં જેટલી અપૂર્ણતા હોય તે પૂર્ણ કરવા અમારા તરફ કૃપા કરો.

**આત્માનંદ પ્રકાશ** પ્રાપ્ત કરવાને માટે સર્વજ્ઞ શાસનની આજ્ઞાઓ અનંતર કારણભૂત છે એ પૂર્વોક્ત દૃષ્ટિએ તપાસતાં ફલિત થાય છે. જ્ઞાનના વિવિધ પ્રદેશોના વિવિધ વિષયો વિષે મનનીય લેખો જેમ પ્રકટ કરવામાં આવે તેવી મનોરંજક સામગ્રી એકઠી કરવાના સંબંધમાં બને તેટલી વિવિધતા જાળવવા આ નવીન વર્ષમાં પ્રથમ કરતાં વિશેષ પ્રમાણમાં પ્રયાસ કરવાની જરૂરીઆત અમે જોઇ છે. જૈન સૃષ્ટિમાં હજી જોઇએ તેવા ઉચ્ચ પ્રતિભાવાળા લેખકોની સંખ્યા અલ્પ છે. આપણું સાહિત્ય એટલા બધા પ્રમાણમાં અને સૂક્ષ્મબુદ્ધિ ગ્રાહ્ય છે કે જો વિદ્વાન્ મુનિમહારાજાઓ એ કાર્યને પ્રથમ કરતાં વિશેષ બળથી પાર પાડવા યત્ન કરે તો પ્રાણીઓ ઉપર જે અસર અમુક વર્ષો પછી થવાની હોય છે તે વહેલી અને શિઘ્ર થઇ શકે; તે સાથે આપણો ગ્રેજ્યુએટ વર્ગ તે તે વિષયોનો ગંભીર વિચાર કરી વૈજ્ઞાનિક દૃષ્ટિએ તત્ત્વોને પ્રકાશમાં લાવવા પ્રયાસ કરે તો જૈન બંધુઓની વિશિષ્ટ પ્રકારની સેવા બજાવી શકાય; પરંતુ દુર્ભાગ્યે જૈન દર્શનનું રહસ્ય પ્રથમથી અધુરૂં પ્રાપ્ત કરી અથવા બીલકુલ રહસ્ય પ્રાપ્ત કર્યા સિવાય ગ્રેજ્યુએટ થતાં ઉલટા શ્રદ્ધાહીન થઇ બેસે છે. અને જે કાર્ય હૃદયભાવ અને શ્રદ્ધામૂલક છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે માત્ર બુદ્ધિ અને યુક્તિ–તર્ક વિષયક થતાં એ રહસ્ય પ્રાપ્ત થતું નથી, અને જેમના દ્વારા સમાજે નવા જમાનાને અનુકૂળ અને સગવડ પડે તેવી રીતે તત્ત્વો સમજવાની આશા રાખી હોય છે, તેઓ સમાજના વિઘાતક બને છે; આથી આપણી સૃષ્ટિમાં જૈનદર્શનના અભ્યાસીઓ ( fellows ) મ્હોટી સંખ્યામાં પાકે ત્યાં સુધી આપણી હાલની સ્થિતિથી સંતોષ માન્યા વગર ચાલે તેવું નથી.

દ્રવ્ય ક્ષેત્ર કાલ અને ભાવરૂપ જિનેશ્વરની રાજનીતિ પ્રમાણે ચાલવું એ આ પત્રની આંતર અભિલાષા છે. સ્વર્ગવાસી મહાત્માના પ્રભાવિક અને સુવિખ્યાત નામથી આ સભા અલંકૃત થયેલી છે તે મહાત્માના નામને સહચારી ભાવના બળનો ઉદ્દેશ સ્વીકારેલો છે. તે શ્રીમદ્ વિજયાનંદસૂરિનું સપરિવાર આ માંગલિક પ્રસંગે સ્મરણ કરતાં અમારી હૃદય બંસીમાંથી જે સુર ( voice ) નીકળે છે તે અમે આ પ્રમાણે પ્રદર્શિત કરીએ છીએ.

क्षात्रतेजः समापूर्णाः कुवादिविजयेश्वराः ।
जयन्तु विजयानंदसूरयः सपरिच्छदाः ॥ १ ॥

આ પ્રમાણે અમારૂં આત્માવલોકન કર્યા પછી હવે ગત વર્ષમાં વિદ્વાન લેખકો તરફથી જે જે પ્રસાદીઓ વાંચક વર્ગ સન્મુખ મુકવામાં આવી છે, તેની સંક્ષિપ્ત નોંધ લઈ નવા વર્ષમાં પૂર્વ કરતાં વધારે પ્રમાણમાં તેમાં મિષ્ટતા ઉમેરવાનું વચન આપી સંતોષ માનીશું.

ગત વર્ષમાં એકંદરે ૮૧ લેખોદ્વારા વાંચક વર્ગને આનંદ આપવામાં આવ્યો છે; પ્રથમ દરેક પ્રસંગે પૂર્વના ક્રમાનુસાર પ્રભુસ્તુતિ અને ગુરૂભકિત દર્શાવવાનો ઉચ્ચ હેતુ સાધ્ય કર્યો છે. આ માસિક તરફ પૂર્ણ સહાનુભૂતિ ધરનાર અને મહાત્મા વિજયાનંદસૂરિના પ્રશિષ્ય પન્યાસજી દાનવિજયજી મહારાજે વડોદરામાં શ્રીમંત સરકાર સયાજીરાવ મહારાજા સન્મુખ કરેલા વિદ્વત્તા ભરેલા દશ વ્યાખ્યાનોને દશ અંકોમાં સ્થાન આપવામાં આવ્યું છે. જેમાં જૈન દર્શનની ફીલસુફીનો લગભગ સંક્ષિપ્તમાં સમાવેશ થઇ જાય છે; અધ્યાત્મ માર્ગના ઉપાસક શ્રીમદ્ કર્પૂરવિજયજી મહારાજે સંવત્સરી ખામણાંના પત્રોમાંથી બોધ, અહિંસા ધર્મની પુષ્ટિમય વચનો, કર્મબંધની રચના, વિવેકાચરણ વિગેરે વિષયોથી આ પત્રને અલંકૃત કરી સાદી અને સરળ ભાષામાં સુંદર બોધ આપ્યો છે તે મનનીય છે. મુનિરાજ શ્રી મણિવિજયજીએ કીર્તિ–કૌતુક–આશ્ચર્ય–વ્યવહાર–ભાવ–કુલાચાર–વૈરાગ્ય વિગેરેથી ધર્મ પ્રાપ્તિ થઇ શકે છે એ હકીકતનું શાસ્ત્રાધારે સમર્થન કર્યું છે. અને આશ્ચર્યજનક રીતે એ વિષય ઉપર પ્રકાશ પાડયો છે. મુનિરાજ શ્રી જિનવિજયજી મહારાજ કે જેમના લેખો નવા જમાનાને સવિશેષ પસંદ પડતા છે તેઓએ પૂર્વકાળના જૈનાચાર્યો, સરળતા, વિદ્યાર્થી જીવન કેવું હોવું જોઇએ, વિગેરે લેખોથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પત્રના ઘણા પૃષ્ઠો રોકેલા છે; આ મહાત્માના લેખો જૈન સમાજને રૂચિકર હોવા સાથે તેઓશ્રીની લેખનશૈલી જમાનાને અનુસરતી ઉચ્ચ પ્રકારની છે; જે વાંચકોની ઉતમ ભાવનાને જાગૃત કરે છે. આ સર્વ મુનિરાજોને ભવિષ્યમાં આ પત્રને વધારે પુષ્ટ કરવા પ્રયાસ કરવા વિનંતિ કરતાં અન્ય મુનિરાજોને એ દિશામાં પ્રયત્ન કરવા સાદર આમંત્રણ કરીએ છીએ.

સિવાય બીજા લેખો સમયોચિત સેવા, પવિત્ર આશ્વાસન, એક મનોરંજક પ્રભાત અને જૈનદૃષ્ટિએ એક નરરત્ન વિગેરે લેખો અત્રસ્થ જૈનયુવક શાહ ફતેચંદ ઝવેરભાઇના છે; જે ઉછરતી વયના એક યુવક હોવા સાથે ધર્મના સારા અભ્યાસી છે અને આ સભાના અંતરંગ પ્રેમી હોઇને દરેક પ્રકારની ઉન્નતિમાં પોષણ આપે છે. ત્યાર પછી રા. અધ્યારૂ જેઓ જૈનતત્ત્વજ્ઞાનના ઉંડા અભ્યાસી છે તેમણે આશ્રવમિમાંસાનો લેખ ઘણોજ વિદ્વત્તાપૂર્ણ અને જૈનસમાજને ગહન તત્ત્વોને સમજાવી ગંભીરપણે લખ્યો છે તેમાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, અને કષાયનું સ્વરૂપ જમાનાને અનુકૂળ દૃષ્ટિએ આલેખવામાં આવ્યું છે. જો કે આવા ઉચ્ચ વિષયના અધિકારી વાંચકો ઓછા પ્રમાણમાં હજી આપણી જૈનસૃષ્ટિમાં છે પણ એવો પ્રયાસ કરવાનો સમય હવે આવી લાગ્યો છે એમ વિચારીને અમે એમના અથવા એમની જેવા વિદ્વત્તાપૂર્ણ લેખોને સ્થાન આપવા વિચાર્યું છે. એમનો બીજો લેખ 'આત્મા અથવા 'હુ' નો સાક્ષાત્કાર' અને 'આત્માના માનસિક કારણો' એ પણ તેવાજ મનનીય છે અને આત્માને ઓળખવા માટે દિશા સૂચક છે. આ પ્રસંગે કહેવાની જરૂર જણાય છે કે આ માસિકે આ વર્ષથી સાહિત્યવિષયક લેખોને સ્થાન આપવાની શરૂઆત કરી છે અને તે સંબંધી લેખો 'યતિઓની સાહિત્ય સેવા' અને 'જુની જૈન સાહિત્ય પ્રવૃત્તિને નીભાવી રાખવાની જરૂર' એ બંને લેખો શેઠ પ્રેમચંદ રતનજી તરફથી આપવામાં આવેલા છે. હવે પછી અમો આ વિષય ઉપર વિશેષ ધ્યાન આપવા એમને સૂચના કરીએ છીએ. તે ઉપરાંત જૈનોન્નતિનો લેખ બે અંકમાં વકીલ નંદલાલ લલુભાઇ વડોદરા નિવાસી તરફથી આપવામાં આવ્યો છે જે અત્યંત મનનીય છે. મી. નરોતમદાસ બી. શાહ તરફથી જૈન શ્રીમંતોને અપીલ અને કોન્ફરન્સના બંધારણની યોજના વિગેરે લેખો ખાસ વાંચવા જેવા છે અને એવા લેખો જેમ બને તેમ વિશેષ પ્રમાણમાં આવશે ત્યારેજ જૈનોની આંખો ઉઘડશે અને ઉન્નતિ નજીકમાં આવશે. તે સિવાય 'આલોચનાકારની અજ્ઞાનતા' વિગેરે લેખો સભા તરફથી મુકવામાં આવેલા છે તેમાં પન્યાસજી શ્રીમદ્ દાનવિજયજીના વ્યાખ્યાન પરત્વે જૈનશાસન પત્રે કરેલી ભુલભરેલી આલોચનાનો નિરાસ કરેલો છે.

ગદ્ય વિષયક લેખો સંબંધી સમીક્ષા કર્યા પછી પદ્ય વિષયક લેખોથી જે મિષ્ટતા આ પત્રને ગત વર્ષમાં મળતી રહી છે તે હવે જોવાનું બાકી રહે છે. જિજ્ઞાસુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉમેદવારના પદ્યાત્મક લેખો ત્રણ આવેલા છે તે અત્ર નિવાસી આ સભાના સભાસદ છે; તેઓ જ્ઞાનના જિજ્ઞાસુ હોઇ આ દિશામાં પ્રયત્ન કરે છે તે પ્રશંસનીય છે; ક્રમે ક્રમે એમની કવિતા વિશેષ રસને વહન કરનારી નીવડશે એમ ધારીએ છીએ. રાગ અને દ્વેષ એ પાપસ્થાનક ઉપર વળા નિવાસી દુર્લભજી ગુલાબચંદે પદ્યાત્મક લેખો આપેલા છે; જે સરળ અને સુબોધક છે. તે ઉપરાંત SUCCESS ની સંજ્ઞાથી આપેલા ચાર પદ્યાત્મક લેખો છે, જેમાં શ્રીમદ્ આનંદઘનજીના પદના અનુવાદનું દર્શન થાય છે તે પણ મિતાક્ષરોમાં અને વસ્તુનિદર્શન યથાર્થ હોવાથી પ્રશંસનીય છે. તે પુર્વોકત શાહ ફતેહચંદ ઝવેરભાઇના છે; તે સિવાય ધન અને ધનિક, તથા વીરપુત્રોને વિજ્ઞપ્તિ અને જ્ઞાનદાન અનુક્રમે શાહ પોપટલાલ પુંજાભાઇ, લલિતાંગ તથા શાહ ગુલાબચંદ મુળચંદના છે જે ઠીક ઠીક પ્રાથમિક પ્રયાસના ફળરૂપે છે. મુનિરાજ કર્પૂરવિજયજીએ પ્રાચીન બે સ્તવનોની યોજના કરેલી છે અને પાર્શ્વજિન દર્શન ભાવના પદ્ય આ સભા તરફથી આપવામાં આવેલું છે.

ગત વર્ષમાં વર્તમાન સમાચારનું અવલોકન કરતાં આપણી કોન્ફરન્સનું નવમું અધિવેશન શ્રી સુજાનગઢમાં ફતેહમંદ રીતે પુર્ણ થયું છે અને એ રીતે આપણી એક વખત નિદ્રામાં પડેલી કોન્ફરન્સ દેવી પુનઃ જાગૃત થઇ છે. અધિષ્ઠાયક એ કોન્ફરન્સને વધારે પ્રમાણમાં ગતિમાન બનાવો એવું ઇચ્છીએ છીએ, તે સિવાય અત્ર ભાવનગરમાં ઉપાધ્યાયજી શ્રીમદ્ વીરવિજયજી મહારાજના ચાતુર્માસ પ્રસંગે જે બે મહત્કાર્યો બન્યા છે તે ઉપધાન અને સિદ્ધગિરિજી તરફ સંઘ સાથે પ્રયાણ એ છે. આગમોદયસમિતિની સ્થાપના પણ ગત વર્ષમાં થઇ છે. પણ તે તરફથી થયેલા કાર્યનું સૂચન સંગીનપણે કાંઈ હજી જાણવામાં આવ્યું નથી. આશા રાખીએ છીએ કે મુનિરાજો એ સંબંધમાં જલ્દી પ્રયત્નશીલ થઇ નવીન પ્રકાશ પાડશે.

આ રીતે ગદ્ય–પદ્ય ઊભય બળથી પુષ્ટ થયેલા આ માસિકનું ગત વર્ષ પૂર્ણ થયું છે. તથાપિ આ માસિકના ઉત્કર્ષની રેખા તેમને પ્રેમથી પોષણ કરનાર તેમના વિદ્વાન લેખકો અને સુજ્ઞ ગ્રાહકવર્ગને આધિન છે. આ માસિકના બાહ્ય અને આંતર સ્વરૂપને અલંકૃત કરવામાં તન મન અને ધન અર્પનારા, આર્હત ધર્મમાં રહેલી ભાવનાઓને દર્શાવી ધાર્મિક તથા સાંસારિક ઉન્નતિનો માર્ગ સિદ્ધ કરનારા, જૈન સમાજના બુદ્ધિવિકાશનો ક્રમ લક્ષમાં રાખી સુવિચારોને પ્રગટ કરનારા, ઉચ્ચ શિક્ષણના સંસ્કારો પામી પ્રાચીન અને અર્વાચીન પદ્ધતિને શ્રદ્ધાપૂર્વક સૂક્ષ્મ રીતે અવલોકન કરનારા અને કર્તવ્યની નીતિ ભાવનાને ફલિત કરનારા આ માસિકના પોષક લેખકોનો પૂર્ણ આભાર માનવામાં આવે છે.

પ્રિય વાંચકો, આ પત્રનું વિશાળ સ્વરૂપ દ્રવ્ય ભાવથી ઉત્તરોત્તર વૃદ્ધિ પામતું જાય અને તેને પુષ્ટિ આપનારાં સામર્થ્યો ( Borces ) વધારે વેગથી કામ બજાવે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવું ઇચ્છી અમારી સન્મતિમહામંત્રના ઉદ્દ્ઘોષ પૂર્વક કહીએ છીએ કે પરમાત્માની સહાયથી જ્ઞાન–ક્રિયા ઉભય સ્વરૂપનું સર્વ પ્રાણીઓમાં સિંચન થઇ જડવાદ રૂપ અંધકાર દૂર થતાં આધ્યાત્મિક ( *Spiritual* ) આનંદના અવર્ણનિય પ્રકાશ દ્વારા આ પત્રશરીરના સાહિત્યકુંજમાંથી એકાંત હિતકર પદાર્થો મેળવો, અને શ્રીમદ્ વિજયાનંદસૂરિના પરિવારની ઉપદેશ વાણીરૂપ ભાગીરથી ભારતવર્ષની જૈન પ્રજાને પવિત્ર કરો. તથાસ્તુ.

## શ્રદ્ધા.

( લેખક—અધ્યાચી )

મનના અનેક ધર્મો પૈકી શ્રદ્ધા એ એક મહત્વનો ધર્મ છે. એ ધર્મ જેના મનમાં ખીલે છે તે ઐહિક વ્યવહારો માટે કદાચ બહુ ઉપયોગી થાય કે ન થાય તો પણ પારલૌકિક પ્રગતિના સંબંધે વિચાર કરતાં શ્રદ્ધાયુક્ત મન બહુ કાર્યસાધક થાય છે એમ કહેવામાં હરકત નથી. શ્રદ્ધાથી ઉલટો ધર્મ સંશય છે. શ્રદ્ધા અને સંશય એ બે પરસ્પર મહાન શત્રુઓ છે. જ્યાં સંશય રહે છે ત્યાં શ્રદ્ધા આવી શકતી નથી. સંશય આ લોકના પ્રપંચમય વ્યવહાર માટે કદાચિત્ ઉપયોગી થાય છે; જ્યારે શ્રદ્ધા મરણોત્તરકાલીન આધ્યાત્મિક ઉન્નતિમાં કારણભૂત બને છે. શ્રદ્ધાળુ મનુષ્ય ઘણીવાર જગતની આડી અવળી આંટીઓમાં ફસાઇ જાય છે, કારણ કે ત્યાં તેને અનેક માણસો સાથે સહવાસમાં આવવું પડે છે અને કાંઇ પ્રત્યેક માણસ પ્રમાણિકજ હોય એમ બનતું નથી. તેમાં કેટલાકએક પ્રમાણિક હોય તો કેટલાએક લુચ્ચા અને હરામખોર પણ હોય આવા વખતે પ્રમાણિક માણસને નીતિવાન સમજીને વ્યવહાર કરીએ તો તેમાં કાંઇ વાંધો નહીં પણ એવીજ શ્રદ્ધાવાળું મન જો કોઈ લુચ્ચા માણસને પ્રમાણિક માની વ્યવહાર કરે તો પરિણામે બહુ સહન કરવાનો પ્રસંગ આવે એ સ્વાભાવિક જ છે. આટલા માટે વ્યવહારમાં તો દરેક પગલું ભરતાં પહેલાં સંશય કરવો એ સહિસલામત માર્ગ છે. સંશય કર્યા પછી જો સામો માણસ પરીક્ષામાં પ્રમાણિક ઉતરે તો તેના ઉપર વિશ્વાસ મુકવો યોગ્ય ગણાય. પ્રમાણિક માણસ ઉપર શંકા લઈ જઇએ અને કસોટીમાં તે પ્રમાણિક જ ઠરે તો તેથી નુકશાન નથી. ઇષ્ટાપત્તિ જ છે. સામો માણસ લુચ્ચો હોય અને પરીક્ષામાં પણ લુચ્ચો જ ઠરે તો આપણે માટે અર્ધો માર્ગ સહિસલામત થઈ ચૂકયો ગણાય. અને એ રીતે આપણે માટે સંશય તો ઉભય પ્રકારે લાભકારક છે. પણ પરમાર્થના માર્ગમાં તો એથી છેક જૂદો જ માર્ગ લેવાનો હોય છે. આપણા શાસ્ત્રકારો અથવા ગુરૂઓ જેઓ આપણને આધ્યાત્મિક ઉન્નતીનો માર્ગ બતાવવા સદા પ્રવૃત્ત રહે છે, તેઓ આપણને ફસાવવા માટે જ ધંધો લઇ બેઠા છે એમ માનવાનું કશું કારણ નથી. શાસ્ત્રકારો આજથી હજારો વર્ષ ઉપર વિદ્યમાન હતા, અને તેમના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચનને માન આપી પ્રવૃત્તિ કરવા ઇચ્છતા માણસો અત્યારે હજારો વર્ષ ઉદ્ભવ્યા છે; તો પછી એક સ્થિતિના માણસો બીજી સ્થિતિવાળા માણસોને આટલે લાંબે કાળે ખોટા માર્ગે દોરી લઇ જવા માંગે તેમાં શું કાંઇ કારણ સંભવિત છે? હાલના માણસોએ પૂર્વના માણસોનો એવોતે શું મ્હોટો અપરાધ કર્યો હોય કે શાસ્ત્રના બ્હાના નીચે તેમને છેતરવા માગે? મતલબ એ છે કે શાસ્ત્રકારોનો ઉદ્દેશ મનુષ્ય સમાજને ઠગવાનો હોતો નથી. આટલું છતાં એતો પ્રત્યક્ષપણે જોવાય છે કે શાસ્ત્રકારોના મનોમાં પણ સંશય ઉત્પન્ન થયા વિના રહેતો નથી. સંશય એ મનનો પ્રથમ ધર્મ છે અને શ્રદ્ધા એ મનુષ્યના મનનો બીજો ધર્મ છે એમ કહીએ તો કાંઇ ખોટું છે? વૃક્ષમાં જેમ પ્રથમ પુષ્પ આવે છે અને પછી ફળ આવે છે તેજ પ્રમાણે મનમાં પ્રથમ સંશય ઉત્પન્ન થતો હોય અને પછી શ્રદ્ધા ઉદ્ભવતી હોય તો તે સ્વભાવિક છે. આ રીતે સામાન્ય નિયમની દૃષ્ટિથી જોતાં મનમાં સંશય ઉઠવા એ કાંઈ બહુ અયોગ્ય કે ભયંકર તો નજ ગણાય. જેવી રીતે પુષ્પ એ ફળના પૂર્વચિન્હ સ્વરૂપ હોય છે તેમ સંશયને શ્રદ્ધાના પૂર્વચિન્હરૂપે માનીએ તો તે યોગ્યજ છે. કારણ કે સંશયનું નિવારણ થતાં શ્રદ્ધા સ્વયમેવ દ્રઢરૂપ ધારણ કરી લેશે. આ દૃષ્ટિએ સંશય ઉપયોગી છે. પરંતુ વ્યવહારના સંશયો એવા પ્રકારના હોય છે કે તેનો નિર્ણય ઘણીવાર તુર્તમાંજ થઇ જાય છે, અને તેવો નિર્ણય થવા માટે અવકાશ પણ સંપૂર્ણ રહે છે. એક માણસ પાસે આપણે એક હજાર રૂપીયા જમે મૂકીએ અને પછી તેની પ્રમાણીકતા માટે સંશય થાય તો તે એક હજાર રૂપીયા પાછા આપણી પાસે આવી ગયા પછી તુર્તજ તે સંશય પણ નીકળી જાય છે. પારમાર્થિક વિષયો સંબંધી સંશયનું સમાધાન આવી રીતે થઇ શકતું નથી. જ્યાં મેદાન અને અશ્વ આગળ તરે છે, અને પ્રત્યક્ષપણે આંખોથી નિર્ણય થઇ શકે તેમ છે ત્યાં શ્રદ્ધાની બીલકુલ જરૂર રહેતી નથી. આ સામે દેખાય છે તે માણસ છે કે વૃક્ષનું થડ છે એવો સંશય મનમાં થાય કે તુર્ત જ તે વસ્તુની પાસે જવાથી સંશય ટળ્યા વિના રહે નહીં. માણસ છે કે વૃક્ષનું થડ છે એનો તેજ વખતે નિર્ણય થઈ જાય. આવા વખતે તે સંશયશીલ મનુષ્યને કોઇ કહે કે "ભાઇ એ તો થડ છે એવી શ્રદ્ધા રાખ?" તો તે મૂર્ખાઈ જ ગણાય. કારણ કે જ્યાં પ્રત્યક્ષ પ્રમાણ છે ત્યાં શ્રદ્ધાની ભલામણ જ શામાટે જોઇએ? સૂર્ય પ્રત્યક્ષ જણાતો હોય તેવે વખતે એમ કહેવું કે "ભાઇ સૂર્ય ઉગ્યો છે એ વાતની શ્રદ્ધા રાખ?" તો તે નિરર્થક જ કહેવાય! સર્વ સંશયોનું સંપૂર્ણ સમાધાન તો પ્રત્યક્ષ પ્રમાણથી જ થવા યોગ્ય છે. એવું પ્રત્યક્ષ જ્ઞાન આ દૃશ્ય જગત્ સિવાય બીજે સંભવિત નથી. જ્યાં અદૃશ્ય વ્યવહારની વાત આવે અને સંશય ઉદ્ભવે ત્યાં પ્રત્યક્ષ પ્રમાણ કાંઇ કાર્યસાધક થઇ શકતું નથી. તેથી દુર્ગમ પ્રદેશોમાં ગાડી-રથ વિગેરે સહેલાઇથી ચાલી શકતાં ન હોય અને ત્યાં જેમ મનુષ્યને બીજા ક્ષુદ્ર સાધનોથી મુસાફરી પુરી કરવી પડે છે તેમ આવા સ્થળોમાં શબ્દ પ્રમાણ અથવા શ્રદ્ધાનો આશ્રય લીધા વિના ચાલતું નથી. શ્રદ્ધા એ પ્રત્યક્ષપ્રમાણનો એક પ્રતિનિધિ છે, એમ કહીએ તોપણ કાંઇ ખોટું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી એક ઔષધ ન મળે ત્યાં વૈદ્યકશાસ્ત્ર તેના પ્રતિનિધિવર્ગનું ઔષધ લેવાની ભલામણ કરે છે તેમ અહીં શ્રદ્ધાથી કે શબ્દ પ્રમાણથી કામ લઇએ તો તેથી શરમાવા જેવું નથી. છતાં એટલું તો કહ્યા વિના ચાલે તેમ નથી કે પ્રત્યક્ષપ્રમાણથી મનુષ્યનું મન જેટલું સમાધાન પામે છે તેટલું શ્રદ્ધાથી સમાધાન પામતું નથી; અને એને જ લઇને શ્રદ્ધાની વિરૂદ્ધમાં ઘણાંને બોલતા સાંભળીએ છીએ. પરંતુ ખરૂં જોતાં તેમાં શ્રદ્ધાનો કાંઇ દોષ કહાડી શકાય તેમ નથી. શ્રદ્ધાની નિમણુક તથા રહેણી-કરણી ટેંપરરી છે. આધ્યાત્મિક વિષયોના સંશયની નિવૃત્તિ કરવી એ કામ જો કે પ્રત્યક્ષપ્રમાણની નિમણુંક પણ તેટલા માટે જ છે, તોપણ ચર્મચક્ષુથી જ્યાં નિર્ણય થઇ શકે તેમ ન હોય ત્યાં મનની તે પુરતી સમજણ ઉતારવામાં શ્રદ્ધાની સાર્થકતા છે. ભૂમિતિશાસ્ત્રના સર્વ સિદ્ધાંતો પ્રત્યક્ષપ્રમાણ ઉપર જ યોજાયા છે તોપણ પ્રારંભના વિદ્યાર્થીઓ તે સર્વ સમજી શકે નહીં એટલા માટે તેમને કેટલીક વાતો માની લેવાની શ્રદ્ધાથી સ્વીકારી લેવાની જરૂર પડે છે. આ પ્રમાણે જેમ ભૂમિતિશાસ્ત્રમાં શ્રદ્ધાની જરૂર છે, તેમ અધ્યાત્મશાસ્ત્રમાં પણ શ્રદ્ધાની અગત્ય છે. અધ્યાત્મશાસ્ત્ર એટલે આત્માની ઉન્નતિનો માર્ગ-તે માટેની યોજનાઓ. અહીં પ્રત્યક્ષપ્રમાણની ગતિ ચાલતી નથી. તેથી શ્રદ્ધાનો ટેકો લઇ ધીમે ધીમે આગળ વધવું એજ સલાહભર્યું છે એમ કોઈ નહીં સ્વીકારે ?

અધ્યાત્મશાસ્ત્રમાં પ્રત્યક્ષ પ્રમાણને અવકાશ નથી, એમ ઉપર કહેવાયું છે. તે સંબંધે થોડોક ખુલાસો કરવાની જરૂર છે. આપણા આત્માની આગામી ભવસંબંધી સ્થિતીઓ વિષે શાસ્ત્રમાં કેટલાક વર્ણનો મળી આવે છે. તેમાં આપણને ઘણીવાર શંકા કરવાના પ્રસંગો પ્રાપ્ત થાય છે. તે વખતે શ્રદ્ધા કહે છે કે "અમુક વાત ખરી છે એમ તું સ્વીકાર!" પરંતુ એટલાથીજ આપણું મન સંતોષ પામતું નથી. આપણું મન તે વખતે પોકારી ઉઠે છે કે—"તે વાત ખરી છે એમ મારે પ્રત્યક્ષ આપણે જોવુંજ જોઇએ." પણ કમનસીબે આવા બાબતોનું પ્રત્યક્ષ જ્ઞાન થવું આ અવસ્થામાં અસંભવિત હોય છે; એટલું જ નહીં પણ એવી બાબતોનો સંપૂર્ણ ખુલાસો મેળવવો એ સહજ નથી. મનુષ્ય કોટીથી પર એવા દૈવીશક્તિસંપન્ન પુરૂષોજ એ વાત હસ્તામલકવત જોઈ તથા જાણી શકે. મનુષ્યની ઈન્દ્રિય શક્તિ તો અમુક મર્યાદા સુધીજ જઇ શકે છે અને તે પછી તે કાંઇ કામ કરી શકતી નથી. જેવી રીતે પશુ-પક્ષીઓ કરતાં કેટલીક બાબતોમાં આપણું જ્ઞાન અથવા વિચારશક્તિ ચડી જાય છે, તેમ આપણા કરતાં જેઓ ઉચ્ચ ભૂમિકાએ પહોંચ્યા હોય તેવા પવિત્ર પુરૂષોની વિચારશકિત કે જ્ઞાન અધિક હોય એ વાત નિર્વિવાદ છે. આવા પવિત્ર-નિર્દોશ પુરૂષો જે વાત પોતાના નિર્મલ જ્ઞાનના પ્રકાશમાં સ્પષ્ટ રીતે જોઇ શકે તે આપણે આપણા આવરણોને લઇને જોઇ ન શકીએ તેથી તેઓએ જે કાંઇ અનુભવ્યું હોય તે ઉપર શ્રદ્ધા રાખી તેમના જેવી સ્થિતિએ પહોંચીએ ત્યાં સુધી દ્રઢતા પૂર્વક વળગી રહેવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ માર્ગ તદ્દન નિર્દોષ છે; એમ વિચાર કરતાં લાગ્યા વિના રહેશે નહીં. આપણી એક છદ્મસ્થ મનુષ્ય તરીકેની અપૂર્ણ સ્થિતિને લક્ષમાં લેતા, શ્રધ્ધાની જે યોજના કરવામાં આવી છે અને તેમ કરીને આપણને સંપૂર્ણતાનું ભાન કરાવવાનો જે રાજમાર્ગ દર્શાવવામાં આવ્યો છે તે અત્યંત દૂરદર્શીપણાનો સૂચક છે એમાં શક નથી. આપણે જો શ્રદ્ધાને છેક જ તિલાંજલી આપી દઇએ તો આપણી જ્ઞાનની મર્યાદા બહુ જ સંકુચિત થઇ જાય અને આપણી નાનકડી આંખો જેટલું બતાવે તેટલું જ સાચું માનવાની ફરજ આવી પડે. જે મનુષ્ય શ્રદ્ધા રાખી શકતો નથી તેની જ્ઞાનની મર્યાદાનું ક્ષેત્ર ઘણું જ સંકુચિત બની જાય છે. શ્રદ્ધા ન હોવી એ એક પ્રકારની ખામી જ છે! જે વખતે શ્રદ્ધાની ટેકરીનો આશ્રય કરી આપણે આપણી દૃષ્ટિને ચોતરફ ફેંકીએ છીએ તે વખતે આપણી જ્ઞાનદૃષ્ટિએ ક્ષિતિજ રેખા કેવી સુંદર અને વિસ્તીર્ણ જણાવા લાગે છે? જ્યાંસુધી પારલૌકિક સત્યો આપણા અનુભવમાં ન આવે ત્યાં સુધી શ્રદ્ધાના બળથી તેની રમણીયતા જેટલી અનુભવાય તેટલો આપણને તો લાભ જ છે! સત્પુરૂષોએ જે સત્ય અનુભવ્યું છે તે સત્ય સાક્ષાત્ રીતીએ અનુભવવાનું સામર્થ્ય આવે નહીં ત્યાંસુધી શ્રદ્ધાના સાધનથી તેની ઝાંખી કર ી એમાં કાંઇ નુકશાન તો નથી જ. તરતાં આવડે નહીં ત્યાંસુધી તુંબડાની મદદ લઇ તેવો પ્રયત્ન કર્યો હોય તો તેમાં શું ખોટું છે? સ્વતંત્ર રીતે તરતા આવડી જાય તો પછી તુંબડાને ફેંકી દેવામાં પણ કાંઇ બાધ નથી. તેજ પ્રમાણે જ્યારે પારલૌકિક સત્યો પ્રત્યક્ષપણે અનુભવમાં આવે ત્યારે શ્રદ્ધાનો આશ્રય ભલે બહુ કીમતી ન જણાય, પણ ત્યાંસુધી તો શ્રદ્ધાની જરૂર છે એમાં કોઇથી ના કહી શકાશે નહીં. જ્ઞાનના બજારમાં શ્રદ્ધા એ ગરીબાઇનું લક્ષણ છે એમ કેટલાએકોને લાગશે, પણ તેની સાથે તે પ્રમાણિકતાનું પણ લક્ષણ છે એ વાત ભૂલી જવાની નથી. જે પુરૂષો સંપૂર્ણ રીતે નિર્દોષતા વીતરાગતાભાવ પામી ચૂક્યા છે એવા પુરૂષસિંહો—અર્થાત્ જ્ઞાનરૂપી બજારના ધનાઢયો લક્ષાધિપતિઓ-કોટ્યધિપતિઓ-અલબત્ત શ્રદ્ધાની કીમત બહુ ન આંકે. કારણકે જેઓની પાસે રોકડ રકમ પુરતી હોય તેઓને કોઇ વસ્તુ ઉધારે લેવાની જરૂર જ શું હોય? જેઓની પાસે રોકડ રકમ નથી હોતી તેઓને જ આબરૂ–ક્રેડીટ અથવા પ્રોમીસરી નોટ ઇત્યાદિ સાધનોનો આશ્રય લેવો પડે છે. પારલૌકિક સત્યોનો સાક્ષાત્કાર કરવા જેટલી જેની શક્તિ હોય તેમને શ્રદ્ધાથી ઉધાર લેવાની જરૂર ન પડે. પરંતુ આપણા જેવા દોષપૂર્ણ મનુષ્યો જેઓ જ્ઞાનના બજારમાં એક ભિક્ષુક જેવા જ ગણાય તેમને માટે તો શ્રદ્ધાની જરૂર છે, એમ મુક્તકંઠે સ્વીકારવું જોઇએ. આપણા સત્કર્મોના પરિણામે આપણી જેમ જેમ ઉત્ક્રાન્તિ થવાની તેમ તેમ આપણું જ્ઞાનરૂપી ધન પણ વધવાનું એ વાત ચોક્કસ છે પણ તે મેળવવાની પાત્રતા આપણામાં આવે ત્યાંસુધી આપણો વ્યવહાર ચલાવવા માટે આપણી શ્રદ્ધાની આબરૂ ઉપર આપણી દરિદ્ર દુકાન ચલાવીએ તો તેમાં કાંઇ અપરાધ નથી—બલ્કે હિતાવહ છે, એમ જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવું જોઇએ. આપણને પાંચ ઇન્દ્રિયો જે જન્મથી જ પ્રાપ્ત છે તે પ્રત્યેક ઇન્દ્રિય જ્ઞાનાર્જનમાં બહુ ઉપયોગી થઇ પડે છે. પરંતુ મનુષ્ય ધારે તો એક છઠ્ઠી ઇન્દ્રિય પોતે પોતાની મેળે જ ઉત્પન્ન કરી શકે તેમ છે ! આ છઠ્ઠી ઇન્દ્રિય **શ્રદ્ધા** છે ! જ્યાં પાંચ ઇન્દ્રિયોનું જ્ઞાન અટકી પડે છે ત્યાં શ્રદ્ધા પાસેથી પ્રાપ્ત થવા યોગ્ય જ્ઞાનની શરૂઆત થાય છે ! !

આ પ્રમાણે જ્ઞાનેંદ્રિયનો શ્રદ્ધા રૂપી છઠ્ઠો દરવાજો જેના અંતઃકરણમાં ખુલ્લો થઇ જાય છે, તેને માટે આધ્યાત્મિક માર્ગમાં આગળ વધવાનું કાર્ય કેટલેક અંશે બહુ સરળ બની જાય છે. શ્રદ્ધાને માટે એક સ્થળે એમ પણ કહેવામાં આવ્યું છે કે—**यो यच्छ्रद्धः स एव सः** અર્થાત્ જે જેવી શ્રદ્ધા ધરે છે તે તેના જેવો જ થઇ શકે છે. ટુંકામાં કહીએ તો શ્રદ્ધાનું સાધન બહુ કાર્યસાધક છે અને તેનો ઉપયોગ ઇચ્છિત ફળોને પ્રકટાવ્યા વિના રહેતો નથી. શ્રદ્ધાના સાત્ત્વિક–રાજસ્ અને તામસ્ એવા ભેદો પણ કવચિત્ દ્રષ્ટિગોચર થાય છે. પણ આપણે અત્યારે તે ભેદોપભેદોમાં ઉતરવાનું નથી. આપણે તો અત્યારે શુદ્ધ સાત્ત્વિક શ્રદ્ધા વિષે જ વિચાર કરીશું તો બસ થશે.

સંશયવાળો સ્વભાવ રાખવાથી વ્યવહારમાં શું ફાયદા થાય છે તે તો આપણે ઉપર જોઇ ગયા છીએ. છતાં એટલું તો કહેવું જ જોઇએ કે લૌકિક વ્યવહારોમાં સંશયવૃત્તિ ગમે તેટલી ફાયદાકારક હોય તો પણ એકંદરે સંશય એ મનની અત્યંત ક્ષુદ્ર વૃત્તિ છે, એમ વિચાર કરતા સ્પષ્ટ રૂપે જણાયા વિના રહેશે નહીં. અધ્યાત્મ અને વ્યવહાર એ ઉભય દૃષ્ટિથી સંશય અને શ્રદ્ધાની તુલના કરવામાં આવે તો પણ એટલું તો સિદ્ધ થઈ જ શકે કે સંશય એ મનની અત્યંત હલકી વૃત્તિ અને શ્રદ્ધા એ મનની અત્યંત ઉચ્ચ અને ઉદાત્તવૃત્તિ હોવી જોઇએ. ગમે તેવો અધમવૃત્તિવાળો માણસ પણ સંશય કરી શકે છે, જ્યારે કોઇ પણ વિષયમાં શ્રદ્ધા ધરવી એ જેવા તેવા અનુદાર કે અનુત્ક્રાંત માણસથી તો ન જ બની શકે. સંશય એટલે જ્ઞાનનો અભાવ અને શ્રદ્ધા એટલે પૂર્વાપર જ્ઞાનની આગળથી મળી ગયેલી ખાત્રી. સંશય કરવો એ તો ગમે તે માણસથી બની શકે તેમ છે, તેમજ એકાદ પ્રત્યક્ષ બનાવ જોયા પછી તેના ઉપર શ્રદ્ધા કરવી એ પણ બનવાજોગ છે, કારણ કે પ્રત્યક્ષ વાત ઉપર વિશ્વાસ મૂકવો એમાં કાંઇ મોટું પુરૂષાર્થ નથી. પરંતુ જે વાત પ્રત્યક્ષ થઇ શકે તેમ નથી, તેના સંબંધમાં સંશય નહીં કરતાં દ્રઢ વિશ્વાસ રાખવો તેમાં મનના ધૈર્યની ઘણી જરૂર પડે છે. નિર્બળ–ભીરૂ અથવા સંશયીવૃત્તિવાન્ મનુષ્ય કોઇ પણ અપ્રત્યક્ષ અથવા અજ્ઞાત વાત ઉપર વિશ્વાસ મુકી શકતો નથી, જ્યારે ધીર–ગંભીર–સાત્ત્વિક અને ઉદાત્ત મનોવૃત્તિવાળાં મનુષ્ય નિર્ભયપણે અજ્ઞાત વસ્તુની પણ શ્રદ્ધા રાખી શકે છે. અંધશ્રદ્ધાને આની સાથે કાંઇ સંબંધ નથી, એમ કહેવાની જરૂર નથી. કારણ કે અંધશ્રદ્ધા એ હ્રદયની અત્યંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામરતાને સૂચવનારી છે. અહીંઆ તો શાસ્ત્રીય-વિશ્વાસનીય વાતો ઉપરની શ્રદ્ધાનો જ વિષય ચર્ચવાનો છે. જેઓ એવી શાસ્ત્રીય-સિદ્ધાંતની અપ્રત્યક્ષ વાતો ઉપર નિસર્ગસિદ્ધ વિશ્વાસ મુકી શકે છે તે ખરેખર પુણ્યવાન અથવા ભાગ્યવાન્ છે, એમ કહેવામાં બાધ નથી. સ્વભાવથી જ જેનું મન શ્રદ્ધાયુકત ન હોય તેવો માણસ જો ધારે તો સહેલાઇથી કેટલીએક બાબતો ઉપર વિશ્વાસ મૂકી શકે એમાં નવાઇ નથી. પુનર્જન્મ, સત્કર્મોનું સત્પરિણામ, શાસ્ત્રગ્રંથ વિગેરે વિષયો એવાં છે કે તેના ઉપર શ્રદ્ધા કરવી વીવેકી મનુષ્યો માટે બહુ મુશ્કેલ નથી. “ જેણે કદી કોઇને ફસાવ્યા નથી, પોતે ફસ્યા નથી, અને આપણને ખોટી વાતોથી ભરમાવી ફસાવે એવો સંભવ નથી, તેમજ જેઓએ એકમાર્ગી-ધાર્મિક પવિત્ર જીવન વીતાવ્યું છે, એવા પરમ પુરૂષોના શબ્દો ઉપર શ્રદ્ધા રાખવામાં હરકત જેવું શું છે ? ” આવો પ્રશ્ન કરવાથી વીવેકી મનુષ્યોની શ્રદ્ધા વૃદ્ધિંગત થયા વિના રહેતી નથી. સંશયને અને શ્રદ્ધાને તો જેમ વધારતા જઇએ તેમ વધી શકે તેમ છે. જેવું વાવીએ તેવું જ લણી શકીએ એવો સૃષ્ટિનો અબાધિત નિયમ જ્યારે સર્વત્ર પ્રચલિત છે તો પછી આપણા અંતઃકરણરૂપી ક્ષેત્રમાં સંશય અને શંકા જેવા કાંટાવાળા જાળાં-ઝાંખરા વાવવાનું પ્રયોજન જ શું છે ? જેવી શ્રદ્ધા તેવી પરિણુતિ એવો નિયમ સૃષ્ટિમાં ત્રિકાલાબાધ્ય છે તો પછી શ્રદ્ધાના કલ્પતરૂને ઉછેરવો મુકી દઈ સંશયના વિષવૃક્ષને ઉછેરે તેને કઇ રીતે બુદ્ધિમાન્ કહી શકાય ?

સંશયવૃત્તિ દૂર કરવાનું અને તેની જગ્યાએ શ્રદ્ધા ધરવાનું ગમે તેટલી વખત કહેવામાં આવે તો પણ મન એક વખત સંશયશીલ થઇ ચૂકયું હોય છે તે તેથી એકદમ મુકત થઈ શકતું નથી, એ વાત ખરી છે. કારણ કે મનની ક્રિયા હંમેશાં ઉત્ક્રાન્તિના નિયમ પ્રમાણે ચાલ્યા જ કરે છે. તેથી એક વાર સંશય તરફ તરફ વળેલું મન પુનઃ સમાધીમાં આણવું બહુ પરિશ્રમ સાધ્ય થઇ પડે છે. પણ ઉપર કહી ગયા તેવી રીતે વીવેકપુરઃસર ચિકિત્સા કરવાથી ધીમે ધીમે સંશયો દૂર થાય છે અને શાસ્ત્રીય વાતો ઉપર વિશ્વાસ દ્રઢ થતો જાય છે. મનમાં સંશયો ઉદ્દભવતા બંધ પડે છે એટલે શ્રદ્ધાની ખીલવણી માટે એક સરલ ક્ષેત્ર તૈયાર થાય છે, એમ કહેવામાં હરકત નથી. ખેતરમાં અન્નની ખીલવણી કરવા માટે જેમ કાંટાવાળા જાળા-ઝાંખરાઓને નીંદી કાપવામાં આવે છે તેમ મનરૂપી ક્ષેત્રમાં કવચિત્ ઉગી નીકળતા સંશયરૂપી કંટકોને પણ ઉખેડી નાંખવા જોઇએ. આ કંટકોનો નાશ થયો અને તે પુનઃ ઉગી નીકળતા બંધ થયા એટલે શ્રદ્ધાવૃદ્ધિને લગતું ક્ષેત્ર તૈયાર થઇ ચુકયું એમ સમજવું જોઇએ.

આધ્યાત્મિક વિષયોના સંબંધમાં મનુષ્યોના મનમાં જે સંશયો ઉત્પન્ન થાય છે તે પૈકી કેટલાએક તો સ્વાભાવિક હોય છે. તેનો તો ઉપર કહ્યો તેવી રીતે નાશ થઇ શકે છે અને તેનું નિરાકરણ પણ થઈ શકે છે. પરંતુ સ્વાભાવિક ઉત્પત્તિ સિવાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાએક કૃત્રિમ કારણોથી પણ મનમાં સંશયની સજ્જડ ગાંઠો પડી જાય છે, તે ઉકેલવી કેટલીક વાર બહુ મુશ્કેલ થઇ પડે છે. આ કૃત્રિમ કારણો તરફ નજર કરીએ તો તેમાં સૌ પહેલું સ્થાન નાસ્તિક ગ્રંથો અથવા તેમાં પ્રતિપ્રાદિત થયેલા મતોને મળવું જોઇએ. નાસ્તિક ગ્રંથોના વિચારો મનમાં મોટો વિક્ષેપ પેદા કરે છે અને એકાદી લઢાઇમાં સુરંગવડે જેમ આખો કીલ્લો જમીનદોસ્ત થઇ જાય છે તેમ પરમેશ્વર–પરલોક–પુનર્જન્મ, પાપ–પુણ્ય, ધર્મ ઇત્યાદિ નાની–મોટી માનસિક ઇમારતો પડી ભાંગે છે. આવા નાસ્તિક વિચારો "પુર્વપક્ષ" કાર તરીકે અત્યંત આદરણીય તથા સામા પક્ષનું ખંડન કરવા માટે ઉપયોગી થઇ પડે છે. આપણા શરીરની શક્તિ વધારવા માટે અને આપણી મલ્લવિદ્યાનું જ્ઞાન વધારવા માટે જેમ આપણને આપણી સાથે કુસ્તી કરી શકે એવા મલ્લની–પ્રતિપક્ષની જરૂર પડે છે, તેમ સિદ્ધાંતમતને દૃઢ કરવા માટે જો નાસ્તિક મતનો પૂર્વપક્ષ મળી જાય છે તો તે બહુ ઉપયોગી થઇ પડે છે. પરંતુ પ્રતિપક્ષીની સાથે કુસ્તી કરી તેને પરાજીત કરવાની જેના શરીરમાં તાકાત નથી તેણે પોતાનોજ પરાભવ કરાવવા માટે પ્રતિપક્ષીનો આશ્રય લેવો યુક્તિસંગત નથી, એ વાત ધ્યાનમાં રાખવાની છે. કોમળ વૃક્ષોનું રક્ષણ કરવા માટે જેમ તેની આસપાસ વાડો ઉભી કરવામાં આવે છે તેમ જ્યાંસુધી મન કોમળ હોય અને તેના ઉપર નાસ્તિક આચાર–વિચારની ઉંડી અસર થઇ શકતી હોય ત્યાંસુધી કાળજી પૂર્વક તેનું નાસ્તિકતાથી રક્ષણ કરવું જોઇએ. આપણા આર્યસાહિત્યમાં નાસ્તિક ગ્રન્થો નથી, એમ તો કહી શકાય તેમ નથી. પણ પાશ્ચાત્ય સાહિત્યમાં તે પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે. પાશ્ચાત્ય તત્ત્વવેત્તાઓએ ઘણું ખરૂં આધિભૌતિક તત્ત્વોનાજ વિચારો કર્યા છે. તે તત્વોની પાછળ રહેલા અજ્ઞેય પ્રદેશમાં તેઓ બરાબર સંચાર કરી શકયા નથી. તર્કશાસ્ત્રના નિયમ પ્રમાણે યુક્તિસંગત અનુમાનો ખેંચવામાં તેઓ બહુ કૂશળ હતા એમ પણ કહેવું જોઇએ. અને એને લઇને જડ વસ્તુના સ્વભાવ સંબંધે તેમણે બહાર પાડેલા અનુમાનો અથવા લેખો આવાતતઃ બહુ રમણીય લાગે છે. પરંતુ આધિભૌતિક વિચારોની મર્યાદા ઉલ્લંઘન કરીને અધ્યાત્મ વિષયના વિચારોવાળા પ્રદેશમાં પ્રવેશ કરવાની મૂળથીજ તેમને મહત્વાકાંક્ષા નહીં હોવાથી, અથવા તો તેમ કરવા માટે આવશ્યક એવી મનની વિશિષ્ટ પરિસ્થિતિ અનુકુળ નહીં હોવાથી, કિંવા જે અદૃશ્ય પ્રદેશમાં વિહાર કરવાનો માર્ગ સ્પષ્ટ રૂપે જણાતો નથી તેવા માર્ગમાં નિષ્કારણ ભટકવું વૃથા છે એમ માની લેવાથી તેમના તત્વજ્ઞાન સંબંધી ઘણાખરા વિચારો જ્ઞેય સૃષ્ટિની હદ ઉપર જઇનેજ અટકી પડયા છે. આથી કરીને આપણી અધ્યાત્મ દૃષ્ટિથી જોતાં તેમાં એક પ્રકારનું નાસ્તિકત્વ જણાયા વિના રહેતું નથી. પણ તેમના વિચારોની વિશદતા અને પ્રતિપાદન કરવાની કૂશળતાથી એ નાસ્તિકપણામાં પણ એક પ્રકારનું મોહકપણું આવ્યું છે એમ સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી. આમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવાથી એ જડવાદમાં મનુષ્યો એકદમ અંજાઇ જાય છે. તેથી પ્રત્યેક મનુષ્યે આવા કુતર્કોથી વેગળા રહેવાની સાવચેતી રાખવી જરૂરની છે. પૂર્વના શાસ્ત્રો અને પશ્ચિમના શાસ્ત્રોમાં જમીન આસમાન જેટલો તફાવત રહેલો છે. રાસાયણિક મિશ્રણો અને પૃથક્કરણો, વિદ્યુત્ શકિતનો ધર્મ અને ઉષ્ણતાનું પરિણામ, લોહચુંબકનો નિયમ અને પરમાણુની ક્રિયા ઇત્યાદિ અનેક જડ સાધનોના દિવ્ય પ્રકાશથી જોઇ શકાય તેટલું જોવું એ તેમનો પ્રધાન લક્ષ હોય છે. પરંતુ આ ભૌતિક સૃષ્ટિની પેલી તરફ રહેલા અતીંદ્રિય વિષયોનું જ્ઞાન કરાવવાને સમર્થ એવા યોગમાર્ગના અદ્ભૂત પ્રકાશની તેઓને કલ્પના પણ આવી શકી નથી. તત્વજ્ઞાનની વાતને એક બાજુ ઉપર મુકી ધર્મ સંબંધી વિચારો તરફ જોઇશું તો પણ જણાશે કે આત્મા અને પરમાત્મા સંબંધી તેમની વ્યાખ્યાઓ બહુજ અપૂર્ણ છે. આપણા શાસ્ત્રોમાં આત્માનું જે અચિંતનીય સામર્થ્ય દર્શાવવામાં આવ્યું છે તેથી એક મહાન્ લાભ એ થવા પામ્યો છે કે પ્રત્યેક મનુષ્યને અતીંદ્રિયજ્ઞાન પ્રાપ્ત કરવાની વાસ્તવિક મહત્વાકાંક્ષા એક કાળે પ્રકટયા વિના રહેતી નથી અને યોગમાર્ગ કિંવા અધ્યાત્મ શાસ્ત્રની સહાયથી તે આકાંક્ષા સફળ પણ થાય છે-થઇ છે. આ ઉપરથી જોઇ શકાશે કે પૂર્વ અને પશ્ચિમ એ ઉભય દેશના લોકોની મહત્વાકાંક્ષા અથવા કાર્યની મર્યાદા છેકજ જૂદી છે. પાશ્ચાત્ય પ્રજાનું મુખ્ય સાધન રસાયનશાસ્ત્ર અથવા યંત્રશાસ્ત્ર છે. જો કે આર્ય પ્રજાએ પણ એ જડશાસ્ત્રનો યથાવકાશ ઉપયોગ કીધો છે તો પણ તેનું મુખ્ય સાધન તો યોગશાસ્ત્ર-અધ્યાત્મશાસ્ત્રજ રહ્યું છે. પાશ્ચાત્ય પ્રજાની સઘળી દોડધામ ફક્ત જડ અથવા દૃશ્ય સૃષ્ટી પર્યંત પહોંચી સમાપ્ત થઈ છે. આપણા તત્ત્વવેત્તાઓએ જડ સૃષ્ટિનો ઉપયોગ પુરતો લાભ લીધા પછી જગત્થી પર રહેલા એવા અદૃશ્ય પ્રમેયોનો પણ યોગબળથી લાભ લીધો હતો. જેણે દૂરબીનનો કદી ઉપયોગ કર્યો નથી એવા કોઇ એક વ્યક્તિને કહેવામાં આવે કે શનીની ભમતી પાછળ બીજા પણ કેટલાએક ઉપગ્રહો ફર્યા કરે છે તો તે આપણી વાતને સ્વીકારવા એકદમ તૈયાર થઇ શકશે નહીં; તેવીજ રીતે યોગબળના દૂરબીનથીજ પ્રત્યક્ષ થઇ શકે એવી અતીંદ્રિય બાબતો વિષેની સંભવનીયતાનું જ્ઞાન જેની પાસે યોગબળ નથી, તેનાથી થઇ શકે નહીં. આ પ્રમાણે પૂર્વની અને પશ્ચિમની પ્રજામાં એક એવો મોટો ફરક પડી ગયો છે કે આપણા આર્ય વિદ્વાનોના ઉચ્ચ અને અતીંદ્રિય પ્રમેયો સંબંધી ઉલ્લેખ પાશ્ચાત્ય પ્રજાના ગ્રંથોમાં જોવામાં ન આવે તો તેમાં કાંઇ આશ્ચર્ય પામવાનું નથી. પાશ્ચાત્ય ગ્રંથના વાચકને પ્રથમ તો એજ પ્રશ્ન થાય કે જો આપણી આર્યધર્મ સંબંધી સઘળી વાતો ખરી અને સર્વ જન સમ્મત હોય તો પછી આવા ગ્રંથોમાં તેનું વર્ણન શા માટે નહીં હોય? આવી રીતના વિચારોથી અથવા સંસર્ગ દોષથી મનોવૃત્તિ સંશયશીલ થાય તે પહેલાંજ-અપ્રગલ્ભ અવસ્થામાં એવા પુસ્તકો વાંચવાથી વિમુખ રહેવું જોઇએ. પાશ્ચાત્ય ગ્રંથોમાં યોગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માર્ગ જન્ય અતીંદ્રિય જ્ઞાનનો લાભ મળી શકે તેમ નથી, પણ માત્ર જડવાદાત્મક વિષયોનુંજ જ્ઞાન થઇ શકે એમ છે એવી દૃઢ ભાવનાથી જો ઉક્ત પુસ્તકોનો અભ્યાસ થાય તો તેમાં હરકત જેવું નથી. પરંતુ આપણી શ્રદ્ધાને હાનિકારક થાય અને સંશયને બળવાન્ બનાવે એવા શુષ્ક તત્ત્વજ્ઞાનથી કાંઇ લાભ નથી, એ વાત નવયુવકોએ-નવા અભ્યાસીઓએ સદા સ્મરણમાં રાખવી જોઇએ. ✻

## श्री शांति परमात्माने शांति प्रेरवा अभ्यर्थना.

( મોતીદામ છંદ. )

સુખદા શીતલા અમી વૃષ્ટિ થકી, જગજીવન આત્મિક તાપ હરો;
દુઃખ આધિ ઉપાધિ પ્રશાંત કરી, પ્રભુ **શાં**તિ સદા સુખશાંતિ ભરો. ૧
પરમાર્થ તણા શુભ પંથ વિષે, પ્રગતિ બળ સંચય સદ્ય કરો;
અમ ઉન્નત ભાવ સદા ટકવા, પ્રભુ **શાં**તિ સદા સુખશાંતિ ભરો. ૨
ગુણ દૃષ્ટિ વિષે સ્થિરતા કરવા, જડતા અમ બુદ્ધિ તણીજ હરો;
તમ આંતરદૃષ્ટિથી ઓળખવા, પ્રભુ **શાં**તિ સદા સુખશાંતિ ભરો. ૩
અજ્ઞાન તિમિર વિનાશ કરી, જગદુત્તમ ! પાપ વિપાક જરો;
સદ્જ્ઞાન પ્રભા સહજે ધરવા, પ્રભુ **શાં**તિ સદા સુખશાંતિ ભરો. ૪
અતૃપ્ત તૃષામય આત્મપ્રતિ, પ્રવહો રસ શાંત તણોજ ઝરો;
શુચિ આંતર શાશ્વત તૃપ્તિ થવા, પ્રભુ **શાં**તિ સદા સુખશાંતિ ભરો. ૫
અનુપ્રોત થવા અમ આત્મવિષે, કિરણો તમ વાણી તણાજ સરો;
કરવા નવપલ્લવ જીવનને, પ્રભુ **શાં**તિ સદા સુખશાંતિ ભરો. ૬
નયભંગ પ્રમાણ થકી તમને, સ્મરીએ પ્રભુ તો અમ મા વીસરો;
બલ અર્પી સદા કદી ના ભુલવા, પ્રભુ **શાં**તિ સદા સુખશાંતિ ભરો. ૭
ગત વર્ષ તણા અમ જીવનમાં, નવ વર્ષ વિશેષ પ્રકાશ ધરો;
ઈશ આત્મિક આનંદ અબ્ધિ થકી, જય **શાં**તિ સદા સુખશાંતિ ભરો. ૮

**विजय.**

## જીવદયા અથવા અનુકંપાના ખર્ચ સંબંધી થતો ઉહાપોહ અને તેનું પરિણામ.

(લે. સન્મિત્ર કર્પૂરવિજયજી મહારાજ.)

દયાળુ ગણાતી જૈન અને અન્ય કોમોમાં પર્યુષણાદિક માંગલિક પ્રસંગે

✻ પ્રો. શિ. મ. પરાંજપે એમ. એ. ના એક મરાઠી નિબંધના આધારે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક આરંભ સમારંભનાં કામ બંધ રાખી–રખાવી **અમારી** પળાવવામાં આવે છે. **કુમારપાળ રાજા** પોતાના ૧૮ દેશોમાં પોતાના હુકમથી અને બીજા ૧૪ દેશોમાં મિત્રતાદિકના બળથી કાયમ **અમા**રી પળાવતા હતા. **અકબર બાદશાહ** પ્રમુખ **મુસલમાન રાજાઓએ** પણ **જૈન આચાર્યોના અદ્ભૂત જ્ઞાન અને ચારિત્ર્યના પ્રભાવથી** એક વર્ષમાં લગભગ ૬ માસ પર્યન્ત કાયમ **અમારો** પળાવવા પોતાનાં સમસ્ત રાજ્યમાં ફરમાનો કરેલાં હતાં. એ વખતે અને જ્યાંસુધી જૈનોમાં એક સંપી હતી અને જૈનોનો પુન્યોદય જાગતો હતો ત્યાંસુધી સર્વ પ્રાણી વર્ગને અભય આપવા રૂપ **અમારી** સર્વત્ર સારી રીતે પળાતી હતી. અત્યારે સારી પળમાં મેળવેલાં ફરમાનોનો અમલ કરાવવા જેટલી તાકાત પણ જૈનો ધરાવે છે ? અંદર અંદર કલેશ કુસંપવડે પોતાની વીર્યશક્તિ વ્યર્થ ગુમાવી દેતી જૈન કોમ પ્રથમથી સહેજે મળેલાં અને કરોડો જીવોને સુખદાયક ફરમાનોનો યથાર્થ અમલ કરાવવા પ્રત્યે પણ ઓછી દરકાર કરે છે એમ **કચ્છના સામાન્ય અનુભવ ઉપરથી જણાય છે.** જીવદયા સંબંધી પ્રથમ **ભુજના રાજાએ** કરી આપેલા ફરમાનો **દીવા જેવા** છે, પણ તેનો અમલ કરાવવા દરકાર કોને? આપણી બેદરકારીનો લાભ લઇ બીજા નિર્દય લોકો અન્યથા આચરણ કરતા જણાય છે. અને કરે છે ત્યારે લોકો બૂમો પાડે છે તેમાં વળે શું ? વખત વીત્યા પછી અને હક્ક ગુમાવ્યા પછી રાજાઓ કે અધિકારીઓ પણ દાદ દેતા નથી તેમાં ખરો દોષ કોનો ? દુષ્ટ પ્રમાદનોજ યા બેદરકારીનો. 'સાપ ગયા ને લીંસોટા રહ્યા' એ ન્યાય આપણે **પર્યુષણાદિક પર્વ પ્રસંગે** જીવદયાની ટીપો કરી નાણું એકઠાં કરી કસાઇને ત્યાં જઇ થોડાંક જાનવરોને છોડાવી દઇએ એટલે જીવદયાનું કામ પૂરૂંજ થયું માનીએ. એ રીતે બધાય સ્થળે ખર્ચાતાં નાણાંનો સરવાળો કરીએ તો કદાચ પ્રતિ વર્ષ હજારો બલ્કે લાખો થાય. આ શિવાય પાંજરાપોળનું ખર્ચ ગણીયે તો કદાચ કરોડની રકમ થવા પામે. અત્યારે નિર્ધન અવસ્થા ભોગવતી જૈન પ્રજા એકલી આટલી ગંજાવર રકમ ખર્ચી છેવટે આ લોકમાં કે પરલોકમાં સંતોષકારક સુખદાયક પરિણામ મેળવી શકે તો તો બહુ સારૂં. પણ જો હૃદયમાં વિવેક દીપક પ્રગટાવી વસ્તુ સ્થિતિ અવલોકી જોવે તો ગરીબડી થઇ પડેલી પોતાની પ્રજાનોજ ઉદ્ધાર કરવા જૈનકોમે આટલી ગંજાવર રકમ કેળવણીના માર્ગે ખર્ચી સફળ કરી લેવી જોઇએ ઇતીશમ્.

## આ જીવન યાત્રા સફળ કરી લેવા હરેક પ્રસંગે સુજ્ઞ જનોએ રાખવી જોઇતી ચીવટ, અને પ્રમાદાચરણથી દૂર રહેવાની અનિવાર્ય અગત્ય (આત્મજાગૃતિ.)

૧, દારૂના પીઠામાં જેમ અનેક દારૂડીયા એકઠા થાય છે તેમ જેમાં અનેક જાતનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાપ આવી મળે છે તેવાં પ્રસિદ્ધ ૧૮ **પાપસ્થાનક**ોનો પરમાર્થ સમજી સુખના અર્થી જનોએ તેનો પરીહાર કરી, સ્વપર ગુણનો પ્રકાશ થાય એવી સ્તુત્ય પ્રવૃત્તિ કરવી, કરાવવી અને અનુમોદવી. ગુણકારી કરણીની નિંદા તો કદાપિ કરવી નહિંજ.

૨, **મદ્ય**–ઉન્માદ ઉપજાવનાર ખાનપાન, **વિષય**–આસક્તિ, ક્રોધાદિ **કષાય**, **આલસ્ય** અને **ત્રિકથા**દિ પ્રમાદ ભર્યાં આચરણથી જેમ બને તેમ ચીવટથી અળગા રહી મન અને ઇન્દ્રિયોનો યોગ્ય નિગ્રહ કરી **તપ, જપ, સંયમ**નું સારી રીતે સેવન કરી લેવું.

૩, **જિનેશ્વર** જેવા સમર્થ **દેવ, નિર્ગંથ–સાધુ** જેવા સમર્થ **ગુરૂ** અને સર્વજ્ઞ વીતરાગ ભાષિત વિશુદ્ધ **ધર્મ** રૂપ **ત્રણ તત્વ**ને પામી પોતાનું જીવન **આદર્શ** રૂપ કરવા દ્રઢ પ્રયત્ન સેવવો ! ઉત્તમ આલંબન મેળવી **ઊદારાશય** થાવું. ઉચ્ચ જીવન કરવું,

૪, સંસારની અનિત્યતા, અસારતાદિક સારી રીતે ચિંન્તવી **વૈરાગ્ય** ધારવો અને ક્ષમાદિક સ્વાભાવિક ગુણોની રક્ષા તથા પુષ્ટી થાય તેમ **મૈત્રી, મુદિતા**, (પ્રમોદ) **કરૂણા** અને **માધ્યસ્થ** રૂપ રૂડી **ભાવના**ઓનો આશ્રય કરવો.

૫, સ્ત્રીઓ જેમ કાંચકી કરી માથામાંથી જૂં અને લિંખોને પૃથક કરે છે તેમ સત્ય સુખના અર્થી જનોએ **આત્મનિરીક્ષણ** યોગે નજરે પડતા દોષ માત્રને દૂર કરવા જોઇએ. આત્મસુધારણાનો એ ઉત્તમ ઉપાય છે.

૬, સમતા ગુણનો જમાવ કરે અને રાગદ્વેષાદિક દોષ જાળને દૂર કરે એજ લક્ષ્યથી **સામાયક**નો અભ્યાસ રાખવો સુજ્ઞ જનોને ઉચિત છે.

૭, નહિં કરવાનું કરવાથી, કરવા યોગ્ય નહિં કરવાથી, અશ્રદ્ધા કરવાથી અને માર્ગ વિરૂદ્ધ કથન કરવાથી જીવ દોષપાત્ર થાય છે. જાણતાં કે અજાણતાં થયેલા દોષની આલોચના અંતઃકરણથી કરી, ફરી તેવા દોષથી અળગા રહેવા દ્રઢ પ્રયત્ન કરનાર સુજ્ઞ જનો **પ્રતિક્રમણ** વડે આત્મશુદ્ધિ કરી શકે છે.

૮, જેનાથી સમ્યગ્ જ્ઞાન દર્શન અને ચારિત્ર ગુણને પુષ્ટી મળે એજ **પૌષધ**, આહાર લોલુપતા તજી, શરીર મમતા તજી, બ્રહ્મચર્ય સેવવા દ્રઢ પ્રતિજ્ઞા કરી, અને પાપ વ્યાપારનો પરીહાર કરી, કાયમ બની ન શકે તો પર્વ દિવસે પ્રેમપૂર્વક કરનાર સુજ્ઞ જનો અવશ્ય સુખી થાય છે.

૯ અનિત્યતાદિક બાર ભાવના, મૈત્રી પ્રમુખ ચાર ભાવના અને મહાવ્રતની પચવીશ ભાવના ભાવવાથી પોતાનેજ હિત થાય છે ત્યારે અનેક ભવ્યાત્માઓ ધર્મમાં જોડાય, દ્રઢ થાય એવું સદાચરણ સેવનાર સેવરાવનાર અને અનુમોદનાર સુજ્ઞ જનો **પ્રભાવના**નો લાભ મેળવે છે. ઇતિશમ્.

( લે. સન્મિત્ર કર્પૂરવિજયજી મહારાજ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्रीमद् विजयानंदसूरि विरहाष्टक काव्यम्।

( શિખરિણિ વૃત્ત. )

સદા શુષ્કોદ્યાને સલિલ શુભ સિંચ્યું શ્રમ કરી,
અને કુંજે કુંજે ખીલવી સુમનો સુરભી ભરી;
કૃષી ધર્મક્ષેત્રે પરમ ઉપકારી કરી અને,
ગયા ક્યાં યોગેન્દ્ર! પ્રિય કર્યું કયા સુસદનને. ૧

રચી રૂડા ગ્રંથો ગહન અતિ તત્ત્વોથી ભરીને,
સુધાસ્વાદે આખું જગત વશ યોગેન્દ્ર! કરીને;
જિતી ષડરિપુને વિજય કરવાને વિચરીને,
પ્રસાર્યો પંજાબે અમલ જિન તત્ત્વો વિહરાને. ૨

ચિકાગોની ચારૂ પરિષદ રહી કીર્તિ ઉભરી;
હતી જેને આપે મુનિગણમણિ! મુગ્ધજ કરી,
કરાવ્યો ત્યાં સૌને અનુભવ સ્વધર્મામૃત તણો,
પ્રતિનીધી સાથે પિયુષઘટ અર્પી હૃદયનો. ૩

કરીને શાસ્ત્રાર્થો સબલ સુપ્રમાણો થકી અને,
હરાવ્યા હંફાવ્યા અબલ કરાયા સર્વ રિપુને,
અવિદ્યાનો કાળો તિમિર પટ ફાડી દૂર કર્યો,
પ્રવર્તાવી ધર્મ જનસમુહને જાગૃત કર્યો. ૪

હતાં બીડાયેલાં કમલ સહુ સુપુસ્તક રૂપી,
અવિદ્યા રાત્રિમાં છુપવી હૃદયે અમૃત કુપી;
થયો સુસુન્આર્ક ઉદય તવ તેને ખીલવવા,
અને જિજ્ઞાસુઓ રૂપ ભ્રમરને તૃપ્ત કરવા. ૫

સહસ્રોને શિષ્યો કરી ફરી જ જે ઢુંઢક હતા,
પ્રસાદી વિદ્યાની અનુગ્રહ કરીને અરપતા;
સદા સાધુતાના વિકટ પથ મધ્યે વિચરતા,
અને અન્યોને યે નિજ કર દઇ સહાય કરતા. ૬

સ્મૃતિ એ શક્તિની અમ હૃદયને ઉચ્ચ કરતી,
સ્મૃતિ એ આત્માની અમ હૃદયમાં તેજ ભરતી;
સ્મૃતિ સત્કૃત્યોની અમ હૃદયથી ના વિસરતી,
સ્મૃતિ સુગ્રંથોની અમ હૃદય આનંદ ભરતી. ૭

અહો **આત્મારામ**! મુનિવર હવે ક્યાં ત્યજી ગયા?
કરી પ્રાણીમાત્ર ઉપર હતી આપે અતિ દયા;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાયોગી કેરા પરમ ગુણને નિત્ય સ્મરીને;
સદા અંબાલાલ પ્રણમું વિજયાનંદસૂરિને. ૮

कवि,
अंबाशंकर लज्याराम आचार्य.
पाटन.

# મુનિ મહારાજાઓને નમ્ર વિજ્ઞપ્તિ.

આ સભા તરફથી પ્રકટ થતી "आत्मानंद–जैन ग्रंथ रत्नमाला" (સંસ્કૃત તેમજ માગધી ગ્રંથો)માં જે ગ્રંથ રત્નો અમુક સદ્ગૃહસ્થની આપેલી દ્રવ્યની સહાયતાથી પ્રકટ થાય છે, તેની એકેક નકલ, તેના ખપી અને અભ્યાસી એવા યોગ્ય સાધુ સાધ્વીઓને, તથા લખેલા સુપ્રસિદ્ધ પુસ્તક ભંડારોને ભેટ આપવામાં આવેછે. અત્યાર સુધી લગભગ ન્હાના મ્હોટા ૪૦ પુસ્તકો આવી રીતે સભાએ ભેટ આપ્યા છે. જે જે સુમુનિઓ અને સુસાધ્વીઓ તરફથી તે પુસ્તકોની માગણી થઇ છે, તેમને તે પુસ્તકો ભેટ તરીકે અર્પણ કરવામાં આવ્યાં છે કે જેની વિગતવાર નોંધ સભા પાસે વિદ્યમાન છે, છતાં કેટલાક મુનિઓ તરફથી વારંવાર એવા કટાક્ષો શા માટે કરવામાં આવે છે કે, સભાવાળાઓ પુસ્તકો આપતા નથી, પૈસા પેદા કરવાનો ધંધો લઇ બેઠા છે ઇત્યાદિ, તે સમઝાતું નથી. સભા કેવળ સાહિત્યનો ઉદ્ધાર કરવાના શુભ ઉદ્દેશથી જ તે મુસ્કેલી ભર્યું કામ કરે છે. તેના કાર્યવાહકો યથાશક્તિ જાતીભોગ આપી નિઃસ્વાર્થ ભાવે તે કામ બજાવે છે. શાસનરાગી મુનિવરો પોતાના અમૂલ્ય સમયનો આ માર્ગે સદુપયોગ કરી મહામહેનતે પુસ્તકો શુદ્ધ કરે છે, આવી રીતે કાંઇ પણ સ્વાર્થ વગર જ્યારે આ કાર્ય કરવામાં આવે છે, ત્યારે પછી તે પુસ્તકો જો સાધુ સાધ્વીઓના ઉપભોગમાં નહિ આવે તો પછી તેમનું પ્રકટ થવું નિરર્થક જ છે. અને તેટલા માટે તે પુસ્તકોની સંખ્યાબંધ નકલો મુનિઓને ભેટ આપવામાં આવે છે. કેટલાક મુનિવરો પાસે તો તેમના સાધુ પરિવાર કરતા બમણી બમણી પ્રતો પણ ગયેલીના દાખલા મોજુદ છે ! એક તરફ જ્યારે આવી રીતે કામ થાય છે, ત્યારે બીજી તરફથી એમ સાંભળવામાં આવે છે કે સાધુઓને પુસ્તકો મળતા નથી ! એ વિરૂદ્ધતા ખરેખર જ આશ્ચર્ય કરનારી છે !

દરેક મુનિઓને સમાન રીતેજ પુસ્તક મળી શકે તેટલા માટે અમે પ્રથમ અમારા માસિકદ્વારા કેટલીક સૂચનાઓ કરી ચૂકયા છીએ અને આજે ફરી આ સૂચનાદ્વારા દરેક મુનિવરોને વિજ્ઞપ્તિ કરવામાં આવે છે કે તેમણે નીચે લખેલી બીના ધ્યાનમાં લઇ ભવિષ્યમાં તે પ્રમાણે પુસ્તકો મંગાવવાની વ્યવસ્થા કરશે તો સભાને મહદુપકાર થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરેક મુનિ પોતપોતાની ઇચ્છા મુજબ પ્રથક્ પ્રથક્ પુસ્તકો મંગાવતા હોવાથી કોને મોકલવામાં આવ્યું યા કોને નહીં તેનો કંઇ પણ હિસાબ રહેતો નથી. ગુરૂ પોતાની અને શિષ્યોની પ્રતિઓ જુદી મંગાવી લે છે ત્યારે શિષ્યો ફરી જુદો પત્ર લખી બીજી વાર પુસ્તકો મંગાવ્યાના દાખલા પણ બનેલા છે અને તેમને જયારે તે વિષયમાં લખવામાં આવે છે ત્યારે તેઓ ઠપકા કે કટાક્ષો શિવાય બીજો કોઈ પણ ઉત્તર આપતા નથી અને આવી રીતે નિમર્યાદિ કાર્ય—વ્યવહાર ભાસવાથી કેટલીક વખતે પુસ્તકો નહિં પણ મોકલાવામાં આવે છે ! આવી જાતની ગડબડ ન થવા પામે તેટલા માટે દરેક સંપ્રદાય કે સમુદાયના વૃદ્ધ મહાત્માઓને સભાની સવિનય પ્રાર્થના છે કે તેમણે કૃપા કરી પોતાના પરિવારમાં જે જે મુનિઓ એ પુસ્તકોના વાંચન મનનને યોગ્ય હોય અને જેમને એ પુસ્તકો સંગ્રહ કરવાની જરૂરત હોય, તેમના નામો સભા ઉપર લખી લખાવી મોકલવાની કૃપા કરવી. તે બધા નામો સભાના દફ્તરમાં નોંધી રાખવામાં આવશે અને ભવિષ્યમાં જેમ જેમ ભેટનું પુસ્તક તૈયાર થશે કે તુરત તેમના તરફથી સૂચના મળેથી પોષ્ટેજ પુરતા વી. પી. થી કોઇ શ્રાવકના નામથી મોક્લી આપવામાં આવશે. જે મુનિઓ પોતાના વૃદ્ધોની પાસે રહેતા હશે તેમને તેમના વૃદ્ધદ્વારાજ પુસ્તક મોકલવામાં આવશે અને જેઓ પ્રથક્ વિચરતા હોય તેમણે પણ બને ત્યાંસુધી મ્હોટાઓની મારફત જ પુસ્તક મંગાવવું વધારે ઉચિત છે, છતાં કોઇ કારણથી તેમ કરવામાં અડચણ આવતી હોય, તેમણે સ્વતંત્ર પોતાના નામો, પોતાના ગુરૂમહારાજની ઓલખાણ પૂર્વક, લખી જણાવવા.

કેટલીક વખતે એવા પણ દાખલા બને છે કે. કેટલાક મુનિઓ પોતાની આજ્ઞામાં રહેતા બધા મુનિઓ માટે પુસ્તકો મંગાવી લે છે અને તે પુસ્તકો, તે વખતે પાસે રહતા મુનિઓને તો તેમના માટે આવેલા પુસ્તકો આપી દેવામાં આવે છે પરંતુ જેઓ જુદા વિચરતા હોય, તેમને તે પુસ્તકો મળતા નથી અને તેઓ વળી પરભારો પત્ર લખી પોતાના માટે પુસ્તકો મોકલવા લખે છે. આવી રીતે ડબલ ડબલ પુસ્તકો પણ ઘણાકની પાસે જતા હોવાથી કેટલાક મુનિઓને મુદ્દલ પણ મળી નહીં શકતા હોય !

આમ વિકલ વ્યવસ્થાને લીધે અમારી આ નમ્ર સૂચના છે કે દરેક મુનિવરે પોતાના તથા પરિવારના નામોની એક નોંધ સભા ઉપર મોકલી આપવાની કૃપા કરવી કે જેથી ઉચિત પ્રબંધ કરવામાં આવે. આશા છે કે અમારી આ વિજ્ઞપ્તિ ઉપર ધ્યાન આપવામાં આવશે અને ભાદ્રપદ પૂર્ણીમા સુધી મુનિઓના નામો લખી લખાવી સભા ઉપર મોકલી આભારી કરશે.

શુભમસ્તુ.

સેક્રેટરીઓ

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન કોમની પડતી માટે જવાબદાર કોણ ? તેની ચઢતી કેમ થઇ શકે ?

બહારથી લોકો જૈન કોમને પૈસેટકે સુખી સમજે છે, પણ તેમની એ સમજ ઉપર ઉપરના દેખાવ ઉપરથી બંધાયેલી હોય છે. શહેરોમાં આગેવાન જૈનો મોજ-શોખ માણતા દેખાય, ભોગવિલાસ વિલસતા જણાય અને ઇચ્છા મુજબ બે પૈસા અનુકંપા બુદ્ધિથી કે ધર્મ બુદ્ધિથી કે દેખાદેખીથી વાપરતા દેખાય તેથી બીજા લોકો આખી જૈન કોમ પણ સુખીજ હશે એવું અનુમાન કરી લે એ બનવાજોગ છે.

અત્યારે જૈન કોમના આગેવાનો, સાધુઓ કે શ્રાવકોની બેપરવાઈથી બેદરકારીથી કે પ્રમાદથી જૈનકોમનો મ્હોટો ભાગ ગરીબી સ્થિતિમાં આવી ગયો જણાય છે. નિર્ધન અવસ્થાને લઇ આજીવિકાની ચિંતાને લઇ કેટલોક ભાગ ધર્મ કર્મ પણ વિસરી જતો જોવાય છે. કેટલાંક ખાનદાન કુટુંબો લાચારભરી સ્થિતિમાં આવી જવાથી તેમને ઉદર પૂરણા પણ ભાગ્યેજ થવા પામે છે. તેમ છતાં શ્રીમંત ગણાતા લોકો જે ભોગવિલાસ કરવા ટેવાયેલા છે તેમાંજ મશગુલ રહી તેમની કશી દરકાર કરતા ભાગ્યેજ દેખાય છે એ શું શરમની વાત નથી ? વધારે શરમની વાત વળી એ છે કે તે બાપડા પ્રમાદી શ્રીમંતો પોતે શાથી પૈસો પામ્યા તેનો તથા ભવિષ્યમાં-ભવાન્તરમાં પોતે શી રીતે સુખ સાધન પામી શકશે તેનો ખ્યાલ સરખો પણ ભાગ્યેજ કરતા હશે. શત્રુંજય માહાત્મ્યમાં શ્રી ધનેશ્વર સૂરીશ્વર સ્પષ્ટ જણાવે છે કે ' ધર્મના પ્રભાવે લક્ષ્મી લીલા પ્રમુખ પામીને જે કોઇ શખ્સ એજ ઉપગારી ધર્મનો અનાદર કરે છે, તે સ્વસ્વામી દ્રોહ કરનાર પાતકીનું શ્રેય ભવિષ્યમાં શી રીતે થવા પામશે ?' સૂરીશ્વરનાં આ વચન બહુ મર્મ ભરેલાં અને મનન કરવા લાયક હોવાથી પ્રમાદશીલ જનોએ આંખ ઉઘાડી વિચારવા અને લક્ષમાં લેવા યોગ્ય છે. પૂર્વ જન્મમાં સારાં સુકૃત કરી આ જન્મમાં તેનાં ફળ રૂપે લક્ષ્મી પ્રમુખ ઋદ્ધિ પ્રાપ્ત કરેલી છે પણ જો પ્રાપ્ત થયેલી રૂડી સામગ્રી વડે આ ભવમાં જો કંઈ પણ સુકૃત કમાણી કરી લેશે નહિ તો ભવિષ્યમાં તેને બહુ પસ્તાવું પડશે, લાચારી ભોગવવી પડશે અને આગળ ઉપર દુઃખે દહાડા કાઢવા પડશે. કેમકે કરણી એવી પાર ઉતરણી અને વાવવું એવું લણવું એ સ્પષ્ટ વાત છે, એકડેએક જેવી છે અને પોતેજ ઠાવકી રીતે એમ બોલે પણ છે, છતાં પરોપકારનાં કામમાં બહુ પશ્ચાત્ પડી જાય છે અને બહુધા ઉપેક્ષા પણ કરે છે. ઘણે ભાગે આવી દુઃસ્થિતિ જોવાય છે. કદાચ કોઇ શ્રીમંત જૈન બે પૈસા ખર્ચવા ઇચ્છે તો તે કૃપણતાને લઇ કરે થોડું અને લોકમાં દેખાડે ઘણું. અથવા જો વધારે દ્રવ્ય ખર્ચે તો તેવા કોઇ ઉદાર દીલના સજ્જન—સાધુ પુરૂષોની સલાહ કે ઉપદેશની ઓછી દરકાર રાખીને મનમાનતી રીતે ખર્ચી નાંખે છે. કાંતો જમણવાર કરે છે અને કાંતો જેમાં મ્હોટાઇ મળે એવી વાતમાં ખર્ચ કરે છે. આગેવાન શ્રીમંતોની આવી વર્તણુંકથી કોમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહુ સહન કરવું પડે છે. અભણ શ્રીમંતોને કેળવણીની કદર હોતી નથી અને હોય તો પ્રમાણમાં બહુજ અલ્પ. તેથી જૈન કોમની ઉન્નતિ જેવડે થાય—થવા સંભવિત છે તેવા કેળવણી જેવા કાર્યમાં તેવા શ્રીમંતો ભાગ્યેજ કંઇ ખર્ચ કરી શકે છે, જૈનોની કેટલીક જ્ઞાતિઓમાં કેટલાંક ફંડ પણ હોય છે પણ વિવેકની ખામીથી તેનો કશો સંતોષ ઉપજાવે એવી રીતે વ્યય થતો નથી. પછી જાતે દિવસે સ્હાય તો દ્રવ્યનો નાશ થાય છે યાતો એક અથવા બીજી રીતે ખવાઇ જાય છે. નિર્નાયક ટોળાની જેમ આવા આગેવાનોને કોઇ સમર્થ પુછનાર કે સમજાવનાર કે ઠેકાણે પાડનાર પણ ભાગ્યેજ મળે છે. આ રીતે જૈન કોમના બહોળા દ્રવ્યનો તો નાહક નકામો નાશ થયા કરે છે. દ્રવ્યનો ફોગટ વિનાશ થતો અટકાવી તેને સમયોચિત અતિ અગત્યના [ વ્યવહારિક, નૈતિક અને ધાર્મિક કેળવણીવાળા ] માર્ગેજ ખર્ચવા જૈન કોમમાં પૂજાતા મનાતા આગેવાન સાધુઓ જો એકમતથી આગેવાન શ્રીમંતોને ઉપદેશ આપે તો ખર્ચની દિશામાં સુધારો થવા સંભવિત છે ખરો પણ એ દિન કબકે મીયાં કે પાઉંમે લાલ જુતીયા.' સાધુઓના નસીબમાં એવું સૌભાગ્ય કયાંથી કે તેઓ સમયને ઓળખી આડે અવળે રસ્તે ખર્ચાતી જૈનોની લક્ષ્મીનો વિવેકસર કલ્યાણકારી માર્ગે ખર્ચવા એકસંપીથી ઉપદેશ આપે ? એમ કરવાથી તેમનું માન ઘટવાને બદલે ઉલટું વધવાનું અને જૈન સમાજનો ઉદ્ધાર થાય, ધર્મની પ્રભાવના થાય અને સહુનું શ્રેય જ થાય. ઇતિશમ.

( સન્મિત્ર કર્પૂરવિજયજી મહારાજ. )

## શ્રીમદ્ વિજયાનંદસૂરિ આત્મારામજી મહારાજના પરિવાર મંડળના મુનિરાજોના ચાતુર્માસનો નિર્ણય અને ઉકત મહાત્માઓને વિનંતિ.

પૂજ્યપાદ શ્રીમદ્ વિજયાનંદસૂરી ( આત્મારામજી ) મહારાજના પરિવારના મુનિરાજોને વિનંતિ કે તેઓશ્રીના ચાતુર્માસ કયા કયા સ્થળે નકી થયા છે તેના તેમજ કેટલા મુનિરાજો સાથે છે તે વડિલ મુનિ મહારાજના નામ સાથે અમોને જણાવવા કૃપા કરવી. જેથી આ માસિકમાં તે સર્વની જાણ માટે પ્રગટ કરાશે.

### ઇડર ( મહીકાંઠા )

શ્રીમદ્ આચાર્યમહારાજશ્રી વિજયકમળ સૂરિશ્વરજી મહારાજ.
મુનિરાજશ્રી માનવિજયજી, મુનિરાજશ્રી લબ્ધીવિજયજી આદિ ઠાણાં ૭

### મંદસોર ( માલવા )

મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજ
પન્યાસજી મહારાજશ્રી સંપતવિજયજી મહારાજ
મુનિરાજશ્રી સોમવિજયજી મહારાજ મુનિરાજશ્રી કુસુમવિજયજી મહારાજ
" વસંતવિજયજી મહારાજ " શંભુવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું અને હાલમાં છપાતા ઉપયોગી ગ્રંથો.

## તેમાં થતો જતો સંખ્યાબંધ વધારો.

## માગધી—સંસ્કૃત મૂળ, અવચુરિ ટીકાના ગ્રંથો.

| | |
|---|---|
| ૧ "સત્તરીસય ઠાણુ સટીક" | શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી. |
| ૨ "સિદ્ધ પ્રાભ્રત સટીક" | પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી |
| ૩ "પ્રતિક્રમણ ગર્ભ હેતુ" | શા. હીરાચંદ ગગલચંદની દીકરી બેન પશીબાઈ પાટણવાળા તરફથી. |
| ૪ "દાન પ્રદીપ" | શા. મુળજી ધરમશી તથા દુર્લભજી ધરમશી પોરબંદરવાળા તરફથી. |
| ૫ "મહાવીર ચરિત્ર" શ્રી નેમીચંદ્રસૂરિ કૃત. | શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે. |
| ૬ "સંબોધ સિત્તરી સટીક" | શા. કલ્યાણજી ખુશાલ વેરાવળવાળા તરફથી |
| ૭ "ષટસ્થાનક પ્ર—સટીક" | શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઈ રળીયાત બાઈ માંગરોળવાળા તરફથી. |
| ૮ "ચૈત્યવંદન મહાભાષ્ય" | શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી. |
| ૯ "સુમુખાદિમિત્ર ચતુષ્ક કથા" | શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તર. |
| ૧૦ "ષડાવશ્યક વૃત્તિ નમિસા-કૃત" | શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા ત. |
| ૧૧ "પેથડ ઝાંઝણ પ્રબંધ" | શા. મોહનદાસ વસનજી પોરબંદરવાળા તર. |
| ૧૨ "પુન્યધન ચરિત્ર" | શા. મનસુખભાઇ લલ્લુભાઇ પેથાપુરવાળા ત. |
| ૧૩ "સંસ્તારક પ્રકીર્ણ સટીક" | શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તર. |
| ૧૪ "શ્રાવકધર્મ વિધિપ્રકરણસટીક" | શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા તર. |
| ૧૫ "પ્રાચીન ચારકર્મ ગ્રંથ ટીકા સાથે" | શેઠ પ્રેમચંદ ઝવેરચંદ પાટણવાળા તરફથી. |
| ૧૬ "ધર્મ પરિક્ષા શ્રી જિન મંડનગણીકૃત" | બે શ્રાવિકાઓ પાટણ તરફથી. |
| ૧૭ "સમાચારી સટીક શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત. | શા. લલ્લુભાઇ ખુબચંદની વિધવા બેન મેનાબાઈ પાટણવાળા તરફથી. |
| ૧૮ "પંચ નિગ્રંથી સાવચૂરિ" | ૧૯ "પર્યંત આરાધના સાવચૂરિ |
| ૨૦ "પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી સાવચૂરિ. | |
| ૨૧ "બંધોદય સત્તા પ્રકરણ સાવચૂરિ | |
| ૨૨ "પંચ સંગ્રહ" | શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા ત. |
| ૨૩ "શ્રાદ્ધ વિધિ. | શેઠ જીવણભાઇ જેચંદ ગોઘાવાળા તર. |
| ૨૪ "ષડદર્શન સમુચ્ચય | " " " |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૫ " શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર " શ્રીમદ્ ભાવવિજયજી ગણીકૃત ટીકા. બાબુ સાહેબ ચુનીલાલ પન્નાલાલજી મુંબઈવાળા ત.

૨૬ " બૃહત સંઘયણી શ્રી જિનભદ્ર ગણી ક્ષમા શ્રમણ કૃત. " એક સભા તરફથી.

૨૭ " જીવાનુશાસન સટીક શા. મગનચંદ ઉમેદચંદની વિધવા બાઈ ચંદન પાટણવાળા તરફથી.

૨૮ " ક્ષેત્ર સમાસટીકા " શેઠ અમૃતલાલ છગનલાલ ભાવનગરવાળા તરફથી.

૨૯ " કુવલય માલા ( સંસ્કૃત ) "

## એકલા ભાષાંતરના છપાતા ગ્રંથો.

૩૦ "શ્રાદ્ધગુણ વિવરણ"(ભાષાંતર)વોરા હઠીસંગભાઈ ઝવેરચંદ ભાવનગરવાળા તરફથી

## ભાઈ કેશવલાલ રતનજીનો સ્વર્ગવાસ.

પ્રથમ ગોધાના અને હાલમાં વેપાર અર્થે મુંબઈ નિવાસી ઉકત બંધુ ગયા અશાડ માસમાં ભરયુવાન વયે વઢવાણ કેમ્પમાં પંચત્વ પામ્યા છે. તેઓ સ્વભાવે સરળ, શાંત અને માયાળુ હતા. તેઓએ સામાન્ય કેળવણી લીધેલ છતાં તેઓ તેના હિમાયતી હોઈને તેઓના વડિલોએ આ શહેરમાં દશાશ્રીમાળી જ્ઞાતિના વિદ્યાર્થી માટે જન્મ આપેલ બોર્ડીંગમાં ઉકત બંધુનો ખાશ હાથ હતો. એટલુંજ નહીં પરંતુ તેઓ તેની વ્યવસ્થા કરનારા હતા. તેઓના કાર્યો અને ગુણોની સુગંધ પ્રસરી સમાજને લાભ લેવાનો વખત આવે તે પહેલા તેઓ કાળને ભોગ થઈ પડ્યા છે. અમે તેને માટે અત્યંત દીલગીર છીએ. તેઓના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only